સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 30

[JULY - 2020]
[19/07/20 to 25/07/20]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



MIRACLES
EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

VOLUME 7

16 TO 31 JULY - 2020

ICE®

Click Here To DOWNLOAD


## CURRENT TOPICS

- ભારતમાં ન્યુમોનિયાની પ્રથમ સ્વદેશી રસીના ઉત્પાદનની મંજૂરી
- મધ્યપ્રદેશના રાજ્યપાલ શ્રી લાલજી ટંડનનું નિધન
- ભારતની સ્વદેશી એન્ટી ટેન્ક મિસાઈલ 'ધ્રુવાસ્ત્ર'નું સફળ પરીક્ષણ
- પ્રસિદ્ધ તીર્થધામ અંબાજી ISO સર્ટિફિકેટ ધરાવતું ગુજરાતનું પ્રથમ યાત્રાધામ બન્યું
- ગુજરાતની દરિયાઈ સીમાઓની સુરક્ષા માટે ગુજરાત સરકાર દ્વારા 'ગુજરાત મત્સ્યોદ્યોગ વટહુકમ 2020' લાગુ
- NABL દ્વારા માન્યતા પ્રાપ્ત ભારતની પ્રથમ મધ ટેસ્ટિંગ લેબનો ગુજરાતના આણંદ ખાતે પ્રારંભ


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :

Telegram : t.me/icerajkotofficial

Instagram : icerajkot

**19 JULY, 2020 SUNDAY**

## ➤ સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સંબોધન

17 જુલાઈ, 2020ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ **'સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદ' (United Nations Economic and Social Council)**ને વીડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધન કર્યું હતું.

- **ભારત** સંયુક્ત રાષ્ટ્રની **સુરક્ષા પરિષદનું અસ્થાઈ સભ્ય** બન્યા બાદ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ સંયુક્ત રાષ્ટ્રના કોઈ સંમેલનને સંબોધન કર્યું હોય એવી આ **પ્રથમ** ઘટના હતી.
- 'સંયુક્ત રાષ્ટ્રના આર્થિક અને સામાજિક પરિષદ'ના સત્રને સંબોધન કરતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, COVID-19 સામેના જંગમાં ભારતે **150થી વધુ** દેશોની મદદ કરી છે.
- આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે COVID-19 સામેના જંગમાં ભારતનો રિકવરી રેટ સૌથી સારો રહયો છે.

**નોંધ :** (1) સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદના **પ્રથમ સત્રનું** આયોજન વર્ષ **1946**માં થયું હતું.
(2) વર્ષ **1946**માં યોજાયેલા **UN Economic and Social Council**ના **પ્રથમ** તથા **બીજા સત્ર**ના અધ્યક્ષ **ભારત**ના **શ્રી રામાસ્વામી મુદલિઅર** હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### વર્ષ 2020ના સંમેલનની થીમ

United Nations Economic and Social Councilના વર્ષ 2020ના સત્રની થીમ **"Multilateralism after COVID-19 : What Kind of UN do we Need at the 75th Anniversary ?** હતી.

- વર્ષ **2020**માં યુનાઈટેડ નેશન્સની **75મી વર્ષગાંઠ**ની ઉજવણી કરવામાં આવી રહી છે.
- આથી, યુનાઈટેડ નેશન્સની **75મી વર્ષગાંઠ**ને ધ્યાનમાં રાખીને આ થીમની પસંદગી કરવામાં આવી છે.

**નોંધ :** (1) યુનાઈટેડ નેશન્સની સ્થાપના **24 ઓક્ટોબર 1945**ના રોજ થઈ હતી.
(2) **24 ઓક્ટોબર 2020**ના રોજ યુનાઈટેડ નેશન્સની સ્થાપનાને **75 વર્ષ** પૂરા થાય છે.

## સંયુકત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદ

સંયુકત રાષ્ટ્રની **'આર્થિક અને સામાજિક પરિષદ' (United Nations 'Economic and Social Council')**ને ટૂંકમાં **ECOSOC** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- **સંયુકત રાષ્ટ્ર**ના મુખ્ય **છ અંગો** છે.
- તેમાં **'Economic and Social Council'**નો પણ સમાવેશ થાય છે.

## સંયુકત રાષ્ટ્રના 6 અંગો

- **સંયુકત રાષ્ટ્રના મુખ્ય 6 અંગો**ના નામ આ પ્રમાણે છે :

| ક્રમ | નામ |
|---|---|
| 1 | General Assembly (સામાન્ય સભા) |
| 2 | Secretariat (સચિવાલય) |
| 3 | International Court of Justice-ICJ (આંતરરાષ્ટ્રીય ન્યાયાલય) |
| 4 | Security Council (સુરક્ષા પરિષદ) |
| 5 | Economic and Social Council-ECOSOC (આર્થિક અને સામાજિક પરિષદ) |
| 6 | Trusteeship Council (ટ્રસ્ટિશિપ કાઉન્સિલ) |

સંયુકત રાષ્ટ્રના ઉપરોકત **તમામ 6 અંગોની** સ્થાપના **1945**માં થઈ હતી.

- સંયુકત રાષ્ટ્રના ઉપરોકત તમામ 6 અંગોમાંથી **'ઈન્ટર નેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ'** સિવાયની બાકીની તમામ સંસ્થાઓનું હેડક્વાર્ટર અથવા તો તેની ઓફિસ **અમેરિકાના ન્યુયોર્ક** ખાતે આવેલી છે.
- જ્યારે ટૂંકમાં **ICJ** તરીકે ઓળખાતી **"international Court of Justice"**ની બેઠક **નેધરલેન્ડ**ના **હેગ** ખાતે આવેલી છે.
- સંયુકત રાષ્ટ્રના ઉપરોકત 6 અંગોમાંથી **'ટ્રસ્ટીશિપ કાઉન્સિલ'** સિવાયની તમામ સંસ્થાઓ હાલ **સક્રિય** છે.
- જોકે, **'ટ્રસ્ટીશિપ કાઉન્સિલ'**ની કામગીરી **1 નવેમ્બર, 1994**થી ઔપચારિક રીતે **સ્થગિત** કરવામાં આવી છે.
- આમ છતાં, 'ટ્રસ્ટીશિપ કાઉન્સિલ'નું વિસર્જન કરવામાં આવ્યું નથી. જરૂર પડયે તેને ફરીથી સક્રિય કરી શકાય છે.

INSTITUTE FOR C

## સંયુક્ત રાષ્ટ્રના 6 અંગો અને તેના સભ્યો

| ક્રમ | સંસ્થા | વડુંમથક અથવા લોકેશન | સભ્યો |
|---|---|---|---|
| 1 | General Assembly (સામાન્ય સભા) | ન્યુયોર્ક (અમેરિકા) | 193 દેશો |
| 2 | Security Council (સુરક્ષા પરિષદ) | ન્યુયોર્ક (અમેરિકા) | કુલ 15 સભ્યો (5 કાયમી સભ્યો+ 10 અસ્થાઈ સભ્યો) |
| 3 | Economic and Social Council (આર્થિક અને સામાજિક પરિષદ) | ન્યુયોર્ક (અમેરિકા) | 54 દેશો |
| 4 | Trusteeship Council (ટ્રસ્ટીશિપ કાઉન્સિલ) | ન્યુયોર્ક (અમેરિકા) | – |
| 5 | International Court of Justice (આંતરરાષ્ટ્રીય ન્યાયાલય) | હેગ (નેધરલેન્ડ) | (15 જજ, મુદત 9 વર્ષ) |
| 6 | Secretariat (સચિવાલય) | ન્યુયોર્ક (અમેરિકા) | – |

**નોંધ :** (1) સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાના 193 સભ્યોમાં સંયુક્ત રાષ્ટ્રના 193 સભ્ય દેશોનો સમાવેશ થાય છે. સંયુક્ત રાષ્ટ્રના મૂળ સ્થાપક સભ્ય દેશોમાં ભારતનો સમાવેશ થાય છે. સંયુક્ત રાષ્ટ્રના સ્થાપના કાળથી ભારત તેનું સભ્ય છે.

(2) સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદના 5 કાયમી સભ્યોમાં અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ અને ચીનનો સમાવેશ થાય છે.

(3) જ્યારે સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદના 10 અસ્થાઇ સભ્યોની મુદત 2 વર્ષની હોય છે. જેમાંથી સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા દર વર્ષે 5 સભ્યોની ચૂંટણી થાય છે.

(4) તાજેતરમાં ભારત વર્ષ 2021 તથા 2022 માટે સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદના અસ્થાઈ સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યું છે.

(5) સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદના 54 સભ્યોની ચૂંટણી UN General Assembly દ્વારા થાય છે. તેમની મુદત 3 વર્ષની હોય છે. વર્તમાન સમયે ભારત 1 જાન્યુઆરી 2018થી તેનું સભ્ય છે. ભારતની 3 વર્ષની મુદત 31 ડિસેમ્બર 2020ના રોજ પૂરી થઈ રહી છે.

(6) ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ICJ)માં 15 ન્યાયાધીશ હોય છે. તેમની ચૂંટણી સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા થાય છે. ICJના જજની મુદત 9 વર્ષની હોય છે. ICJના વર્તમાન 15 ન્યાયાધીશોમાં ભારતના શ્રી દલવીર ભંડારીનો પણ સમાવેશ થાય છે. તેમનો કાર્યકાળ વર્ષ 2027માં સમાપ્ત થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

1. 17 જુલાઈ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંયુકત રાષ્ટ્રના કયા અંગના સત્રને વીડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધન કર્યુ હતું.... કે જે ભારત સંયુકત રાષ્ટ્રનું અસ્થાઈ સભ્ય બન્યા બાદ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંયુકત રાષ્ટ્રના કોઈ સંમેલનને કરેલું પ્રથમ સંબોધન હતું ?
   (A) સામાન્ય સભા (B) સુરક્ષા પરિષદ
   (C) આર્થિક અને સામાજિક પરિષદ (D) ટ્રસ્ટીશિપ કાઉન્સિલ **(C)**

2. 17 જુલાઈ 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંયુકત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદની કોન્ફરન્સને સંબોધન કર્યુ હતું.... આ કોન્ફરન્સની થીમ શું હતી ?
   (A) Nationalism after COVID-19 : What kind of UN do We Need at the 75th Anniversary ?
   (B) Multinationalism after COVID-19 : What kind of UN do We Need at the 75th Anniversary ?
   (C) Multilateralism after COVID-19 : What kind of UN do We Need at the 75th Anniversary ?
   (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

3. વર્ષ 2020માં સંયુકત રાષ્ટ્રની કેટલામી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી રહી છે ?
   (A) 60મી (B) 70મી
   (C) 75મી (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

4. સંયુકત રાષ્ટ્રની સ્થાપના કયારે થઈ હતી ?
   (A) 4 ઓકટોબર 1945 (B) 14 ઓકટોબર 1945
   (C) 20 ઓકટોબર 1945 (D) 24 ઓકટોબર 1945 **(D)**

5. સંયુકત રાષ્ટ્રના મુખ્ય છ અંગોમાંથી ભારત વર્ષ 2020માં સંયુકત રાષ્ટ્રની કઈ સંસ્થાનું અસ્થાઈ સભ્ય બન્યું છે ?
   (A) સામાન્ય સભા (B) સુરક્ષા પરિષદ
   (C) આર્થિક અને સામાજિક પરિષદ (D) આંતરરાષ્ટ્રીય ન્યાયાલય **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

6. સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. તેનું વડું મથક ન્યુયોર્ક ખાતે આવેલું છે.
   2. તેમાં 54 સભ્યો હોય છે.
   3. તેમાં ભારતનું સભ્યપદ 31 ડિસેમ્બર 2021ના રોજ સમાપ્ત થઈ રહયું છે.

Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) 2, 3 **(B)**

7. સંયુક્ત રાષ્ટ્રની ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ICJ)ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. તેની બેઠક નેધરલેન્ડના હેગ ખાતે આવેલી છે.
   2. તેમાં 15 ન્યાયાધીશો હોય છે અને તેમની મુદત 9 વર્ષની હોય છે.
   3. તેના વર્તમાન 15 ન્યાયાધીશોમાં ભારતના શ્રી દલવીર ભંડારીનો પણ સમાવેશ થાય છે.

Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) 2, 3 **(A)**

8. યુનાઈટેડ નેશન્સના મુખ્ય છ અંગોમાંથી કયું અંગ હાલ સક્રિય નથી ?
   (A) ICJ (B) ECOSOC
   (C) Secretariat (D) Trusteeship Council **(D)**

ICE ® FOR COMPETITIVE EXAMS

## 20 JULY, 2020 MONDAY

### ➤ દિવસ મહિમા : 20 જુલાઈ, આંતરરાષ્ટ્રીય ચેસ દિવસ (International Chess Day)

ભારતમાં <u>મહારાષ્ટ્ર</u>ના <u>પૂણે</u> ખાતે આવેલી <u>સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (Serum Institute of India)</u> દ્વારા <u>ન્યુમોનિયા</u>ની એક <u>રસી</u> વિકસાવવામાં આવી છે.

- <u>સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ</u> નામની કંપની દ્વારા વિકસાવવામાં આવેલી આ રસી <u>ન્યુમોનિયા</u> માટેની <u>ભારતની પ્રથમ સ્વદેશી વેક્સીન</u> છે.
- આ વેક્સીનનું નિર્માણ સંપૂર્ણ રીતે <u>ભારત</u>માં જ કરવામાં આવ્યું છે.

## આ વેકસીનનું નામ

સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા નામની કંપની દ્વારા વિકસાવવામાં આવેલી આ વેકસીનનું નામ 'ન્યુમોકોકલ' અથવા તો 'ન્યુમોકોકલ પોલીસેકરાઈડ કંજુગેટ વેકસીન' (Pneumococcal Polysaccharide Conjugate Vaccine) છે.

## વેકસીનના મેન્યુફેકચરિંગની મંજૂરી

ભારતમાં નિર્માણ પામેલી આ રસીની ત્રણ તબક્કાની કિલનિકલ ટ્રાયલ પૂરી થઈ ગઈ છે.

- અને હવે DCGI દ્વારા આ વેકસીનના મેન્યુફેકચરિંગની મંજૂરી પણ આપી દેવામાં આવી છે.
- આથી, ભારતમાં હવે ન્યુમોનિયાનો સામનો કરવા માટે ભારતમાં નિર્માણ પામેલી આ પ્રથમ સ્વદેશી રસીનો ઉપયોગ થઈ શકશે.
- જોકે, અત્યાર સુધી ભારતમાં ન્યુમોનિયાની સારવાર માટે વિદેશી રસીનો જ ઉપયોગ થતો હતો.

નોંધ : (1) આ રસીનો ઉપયોગ ઈન્જેકશન દ્વારા થશે.

(2) ભારતમાં બાળકોમાં 'સ્ટ્રેપ્ટોકોકસ ન્યુમોનિયા' (Streptococcus Pneumonia) ને કારણે થતી ગંભીર બીમારી માટે આ રસી ખૂબ જ ઉપયોગી છે.

(3) પૂનાવાલા ગ્રૂપની સીરમ ઈન્સ્ટિટયૂટ અથવા તો સેરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડને વિશ્વની સૌથી મોટી રસી ઉત્પાદક કંપની માનવામાં આવે છે.

## DCGI

DCGI એ ભારતમાં કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અંતર્ગત કાર્ય કરતી સંસ્થા 'સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન' (Central Drugs Standard Control Organization-CDSCO) નામની ભારતની દવાઓ અંગેની નેશનલ રેગ્યુલેટરી બોડીનો એક વિભાગ છે.

- DCGIનું પૂરું નામ Drugs Controller General of India છે.
- ભારતમાં ચોક્કસ કેટેગરીની દવા તથા રસીના નિર્માણનું લાઈસન્સ તથા તેની મંજૂરી ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા જ આપવામાં આવે છે.
- ભારતમાં દવાઓના ઉત્પાદન, વેચાણ, આયાત અને વિતરણના માપદંડ તથા ધોરણો DCGI દ્વારા જ નક્કી કરવામાં આવે છે.
- તેનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.

નોંધ : ભારતના વર્તમાન (20 જુલાઈ 2020ની સ્થિતિએ) ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI) ડો. વી. જી. સોમાણી છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ન્યુમોનિયા

ન્યુમોનિયા એ ફેફસામાં થતું ઈન્ફેક્શન છે. જેને કારણે ફેફસામાં સોજો આવી જાય છે.

- આ ઈન્ફેક્શન બેક્ટેરિયા, વાઈરસ તથા અન્ય જીવાણુઓ દ્વારા ફેલાય છે.
- આ ઈન્ફેક્શન કોઈપણ ઉંમરની વ્યક્તિને થઈ શકે છે.
- જોકે, ન્યુમોનિયાને કારણે **બે મહિનાથી ઓછી ઉંમરના બાળકો**ને શ્વાસ લેવામાં ભયંકર તકલીફ થાય છે. અને **પાંચ વર્ષથી નાની ઉંમરના બાળકો**માં આ બીમારીને કારણે મૃત્યુનું પ્રમાણ વધારે હોય છે.
- ન્યુમોનિયાના સામાન્ય લક્ષણોમાં **ઉધરસ-ખાંસી, માથાનો દુ:ખાવો, તાવ અને શ્વાસ લેવામાં તકલીફ** વગેરેનો સમાવેશ થાય છે.

**નોંધ :** (1) સમગ્ર વિશ્વમાં દર વર્ષે આશરે 45 કરોડ લોકો આ બિમારીથી પ્રભાવિત થાય છે. જે વિશ્વની કુલ વસતીના 7 ટકા છે.

(2) એક અંદાજ અનુસાર ન્યુમોનિયાથી દર વર્ષે આશરે 40 લાખ લોકોના મૃત્યુ થાય છે.

(3) WHO અનુસાર 5 વર્ષથી ઓછી ઉંમરના 15 ટકા બાળકોના મૃત્યુનું કારણ ન્યુમોનિયા હોય છે.

(4) વર્ષ 2018માં ભારતમાં ન્યુમોનિયા 5 વર્ષથી ઓછી ઉંમરના બાળકોના મૃત્યુનું બીજા નંબરનું સૌથી મોટું કારણ હતું.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ નાના દુકાનદારો ફેરિયાઓને 'પીએમ સ્વનિધિ યોજના'નો ઘેરબેઠા લાભ મળી રહે તે માટે 'પીએમ સ્વનિધિ મોબાઈલ એપ' લોન્ચ



17 જુલાઈ, 2020ના રોજ ભારતના કેન્દ્ર સરકારના **આવાસ અને શહેરી બાબતો અંગેના મંત્રાલય**ના સચિવ **શ્રી દુર્ગા શંકર મિશ્રા**એ **'પીએમ સ્વનિધિ' (PM SVANidhi)** નામથી એક **મોબાઈલ એપ** લોન્ચ કરી છે.

- ભારતમાં **નાના દુકાનદારો તથા ફેરિયાઓને** ઘેર બેઠા જ 'પીએમ સ્વનિધિ યોજના'નો લાભ મળી રહે તે માટે આ એપ લોન્ચ કરવામાં આવી છે.
- આ એપમાં **'પીએમ સ્વનિધિ વેબ પોર્ટલ'**ની E-KYC, અરજીનું રિયલ ટાઈમ મોનિટરિંગ વગેરે જેવી તમામ સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## પીએમ સ્વનિધિ યોજના

ભારતમાં કેન્દ્ર સરકારના **'આવાસ અને શહેરી બાબતો અંગેના મંત્રાલય (Ministry of Housing and Urban Affairs-MoHUA)** દ્વારા **1 જૂન 2020**ના રોજ આ યોજના લોન્ચ કરવામાં આવી હતી.

- અને **2 જુલાઈ, 2020**થી ભારતમાં આ યોજના અંતર્ગત લોન આપવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો હતો.
- ભારતમાં **માર્ચ 2022** સુધી આ યોજના અમલમાં રહેશે.

## આ યોજનાનો ઉદ્દેશ

આ યોજના લોન્ચ કરવાનો મુખ્ય ઉદ્દેશ કોરોના લોકડાઉનને કારણે ભારતમાં સર્જાયેલી આર્થિક સંકટની સ્થિતિમાં નાના દુકાનદારો અને ફેરિયાઓને મદદ કરવાનો છે.

## આ યોજનાનું પૂરું નામ

**'પીએમ સ્વનિધિ' (PM SVANidhi)** યોજનાનું પૂરું નામ **'પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ (Pradhan Mantri Street Vendor's AtmaNirbhar Nidhi)** છે.

## આ યોજનાની વિશેષતા

આ યોજના અંતર્ગત ભારતમાં નાના દુકાનદારો અને ફેરિયાઓને **રૂ. 10,000** સુધીની લોન આપવામાં આવે છે.

- આ અંતર્ગત દરેક અરજદારને રૂ. 10,000ની લોન નહિ મળે, પરંતુ તેમને ઓછામાં ઓછા **રૂ. 2000**થી વધુમાં વધુ **રૂ. 10,000** સુધીની લોન આપવામાં આવે છે.
- આ માટે તેમણે જામીન કે કોઈ વસ્તુ ગીરવે મૂકવાની જરૂર પડશે નહિ.
- આ લોન ચૂકવવા માટે **એક વર્ષ**નો સમય આપવામાં આવશે.
- આ સમય દરમિયાન દુકાનદાર **માસિક હપ્તા**માં પણ લોન ચૂકવી શકશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## આ યોજના અંતર્ગત વ્યાજ

આ યોજના અંતર્ગત ચોક્કસ વ્યાજનો દર કેટલો રહેશે તેની જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી.

- પરંતુ આ યોજના અંતર્ગત લાભાર્થી તેણે લીધેલી લોન **સમયસર અથવા તો નિયત મુદત પહેલા** ચૂકવી દેશે તો તેને **વ્યાજ**માં **વાર્ષિક 7 ટકા**ના દરથી સબસિડી આપવામાં આવશે.
- સબસિડીની આ રકમ **ત્રિમાસિક ધોરણે** Direct Benefit Transfer (DBT) દ્વારા લાભાર્થીના સીધા બેન્ક ખાતામાં જમા થશે. (જોકે, આ અગાઉ આ રકમ 6 મહિનામાં જમા થશે એવી જાહેરાત કરવામાં આવી હતી.)
- આ ઉપરાંત નિયત સમયે અથવા તો સમયથી પહેલા લોન ચૂકવનારને જો ફરીથી લોન લેવી હોય તો તેની **લોનની રકમમાં વધારો** પણ કરી આપવામાં આવશે.

**નોંધ :** આ યોજના અંતર્ગત લોન વહેલા પૂર્ણ કરવા માટે દંડની કોઈ જ જોગવાઈ નથી. એટલે કે ઘણી બધી લોનમાં નિયત મુદત પહેલા જ લોનની તમામ રકમ ચૂકવી દેવામાં આવે તો તેના પર પેનલ્ટી ચાર્જ લાગતો હોય છે. જોકે, 'પીએમ સ્વનિધિ યોજના' અંતર્ગત આવા કોઈ જ પેનલ્ટી ચાર્જની જોગવાઈ  કરવામાં આવી નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આ યોજનાનો લાભ કોને મળશે ?

ભારતમાં શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારોની આસપાસ રોડ પર માલ વેચતા ફેરિયાઓ, રોડ પર લારી દ્વારા અથવા તો પડાવ નાખીને ધંધો કરતા લોકો, ફળ–શાકભાજી વેચનારાઓ, પાન, સલૂન, લોન્ડ્રી વગેરે દુકાનદારોને આ યોજનાનો લાભ મળશે.

- જોકે, આ માટેની એકમાત્ર શરત એ છે કે તેઓ **24 માર્ચ, 2020** કે **તે અગાઉ**થી આ વ્યવસાય કરતા હોવા જોઈએ.
- આ યોજના અંતર્ગત ભારતમાં **50 લાખ** જેટલા ફેરિયાઓ તથા નાના દુકાનદારોને આ યોજનાનો લાભ આપવામાં આવશે.
- આ યોજનાનો સંપૂર્ણ ખર્ચ **કેન્દ્ર સરકાર** દ્વારા ભોગવવામાં આવશે.
- આ માટે કેન્દ્ર સરકારે **રૂ. 5000 કરોડ**ની મંજૂરી આપી છે.

**નોંધ :** (1) આ યોજના અંતર્ગત ભારતમાં **પ્રથમ વખત** શહેરી વિસ્તારોના ગરીબ લોકો સાથે જોડાયેલી કોઈ યોજના સાથે બેન્કો, NBFC (Non Banking Financial Company), MFI (Micro Finance Institutions), SHG (Self help Group) વગેરેને જોડવામાં આવશે.

(2) આ યોજનાના પારદર્શક અમલ માટે **SIDBI (Small Industries Development Bank of India)**ના **'ઉદ્યમ મિત્ર પોર્ટલ'** અને **MoHUA (Ministry of Housing and Urban Affairs)**ના **'પૈસા પોર્ટલ'**નો ઉપયોગ કરવામાં આવશે.

## ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય ચેસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 18 જુલાઈ (B) 19 જુલાઈ (C) 20 જુલાઈ (D) 21 જુલાઈ **(C)**

2. ભારતમાં કઈ કંપની દ્વારા ન્યૂમોનિયાની ભારતની પ્રથમ સ્વદેશી રસીનું નિર્માણ કરવામાં આવ્યું છે ?
(A) સીરમ અથવા તો સેરમ ઈન્સ્ટિટયૂટ પ્રાઈવેટ લિમિટેડ
(B) સીરમ અથવા તો સેરમ ઈન્સ્ટિટયૂટ ફોર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ
(C) સીરમ અથવા તો સેરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ
(D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

3. ભારતના કયા શહેરમાં આવેલી 'સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ' નામની કંપની દ્વારા ન્યુમોનિયા માટેની ભારતની પ્રથમ સ્વદેશી વેક્સીન વિકસાવવામાં આવી છે ?
(A) મુંબઈ (B) બેંગાલુરુ (C) મૈસુર (D) પૂણે **(D)**

4. સીરમ ઈન્સ્ટિટયૂટ દ્વારા વિકસાવવામાં આવેલી ન્યુમોનિયા માટેની ભારતની પ્રથમ સ્વદેશી વેકસીનનું નામ શું છે ?
(A) ન્યુમોકોકલ (B) ન્યુમોનોઈડ (C) ન્યુમોટાઈઝ (D) ન્યુમોલિન **(A)**

5. ભારતમાં પૂણે ખાતે આવેલી સેરમ ઈન્સ્ટિટયૂટ દ્વારા 'ન્યુમોકોકલ પોલીસેકરાઈડ કંજુગેટ વેકસીન' નામની કયા રોગ માટેની ભારતની પ્રથમ સ્વદેશી રસી વિકસાવવામાં આવી છે ?
(A) COVID-19 (B) કોલેરા (C) ટાઈફોઈડ (D) ન્યુમોનિયા **(D)**

6. તાજેતરમાં ચર્ચામાં રહેલ DCGIનું પૂરું નામ શું છે ?
(A) Drugs Controller General of India
(B) Drugs Controller General for India
(C) Drugs Controller General in India
(D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**7.** DCGI અથવા તો 'ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. તે ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
2. તે CDSCO અથવા તો 'સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન' નામની દવાઓ અંગેની ભારતની નેશનલ રેગ્યુલેટરી બોડીનો એક વિભાગ છે.
3. ભારતમાં ચોક્કસ કેટેગરીની દવાઓ તથા રસીના નિર્માણનું લાઈસન્સ તથા તેના ઉત્પાદનની મંજૂરી DCGI દ્વારા આપવામાં આવે છે.
4. તેનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.

Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 3, 4 (C) 1, 2, 4 (D) 2, 3, 4 **(A)**

**8.** ભારતના વર્તમાન (20 જુલાઈ, 2020ની સ્થિતિએ) ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI) કોણ છે ?

(A) શ્રી સંજય સોમાણી (B) શ્રી સંદીપ સોમાણી
(C) શ્રી જી. વી. સોમાણી (D) શ્રી વી. જી. સોમાણી **(D)**

**9.** 17 જુલાઈ, 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 'પીએમ સ્વનિધિ યોજના' માટે ઉપયોગી કઈ મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે ?

(A) પીએમ સ્વનિધિ (B) સ્વ પૈસા
(C) સ્વ રોજગાર (D) ઈ–સ્વનિધિ **(A)**

**10.** ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા નાના દુકાનદારો અને ફેરિયાઓને લોન ઉપલબ્ધ કરાવવા માટે કઈ યોજના લોન્ચ કરવામાં આવી છે ?

(A) PM SANMANNidhi (B) PM SANNidhi
(C) PM SANMATi (D) PM SVANidhi **(D)**

**11.** ભારતમાં કોરોના લોકડાઉનના કારણે આર્થિક સંકટનો સામનો કરી રહેલા નાના દુકાનદારો અને ફેરિયાઓ માટે કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા 'પીએમ સ્વનિધિ' અથવા તો 'પ્રધાનમંત્રી સ્વનિધિ' નામની યોજના લોન્ચ કરવામાં આવી છે ?

(A) ગ્રામીણ વિકાસ મંત્રાલય
(B) શહેરી વિકાસ મંત્રાલય
(C) માનવ સંસાધન વિકાસ મંત્રાલય
(D) આવાસ અને શહેરી બાબતો અંગેનું મંત્રાલય **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. ભારતમાં તાજેતરમાં લોન્ચ થયેલી 'પીએમ સ્વનિધિ' યોજનાનું પૂરું નામ શું છે ?

(A) પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મસન્માન નિધિ

(B) પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મસ્વમાન નિધિ

(C) પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ

(D) પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મકલ્યાણ નિધિ **(C)**

---

13. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવેલી 'પીએમ સ્વનિધિ' અથવા તો 'પ્રધાનમંત્રી સ્વનિધિ' યોજના અંતર્ગત નાના દુકાનદારો અને ફેરિયાઓને કેટલા રૂપિયા સુધીની લોન ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

(A) રૂ. 10,000 (B) રૂ. 25,000 (C) રૂ. 50,000 (D) રૂ. 1,00,000 **(A)**

---

14. 'પીએમ સ્વનિધિ' યોજનાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. ભારતમાં 24 માર્ચ 2020 કે તે અગાઉથી ધંધો વ્યાપાર કરતા નાના દુકાનદારો કે ફેરિયાઓને આ યોજનાનો લાભ મળશે.
2. ભારતમાં આ યોજના અંતર્ગત મળેલી લોન પરત ચૂકવવા માટે 3 વર્ષનો સમય આપવામાં આવશે.
3. નિયત સમય પહેલા જ લોનની ચૂકવણી પર લોનના વ્યાજમાં વાર્ષિક 7 ટકાના દરે સબસિડી મળશે.
4. ભારતમાં માર્ચ 2022 સુધી આ યોજના અમલમાં રહેશે.
5. આ યોજના માટે કેન્દ્ર સરકારે રૂ. 50,000 કરોડની મંજૂરી આપી છે.

Ans. (A) 1, 2, 3, 4, 5 (B) 1, 3, 4, 5 (C) 1, 2, 3, 4 (D) 1, 3, 4 **(D)**

---

15. ભારતમાં કઈ તારીખના રોજ કે તે અગાઉથી ધંધો વ્યવસાય કરતા ફેરિયાઓ તથા નાના દુકાનદારોને 'પીએમ સ્વનિધિ' યોજનાનો લાભ આપવામાં આવે છે ?

(A) 1 જૂન, 2020 (B) 31 મે, 2020

(C) 31 માર્ચ, 2020 (D) 24 માર્ચ 2020 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

21 JULY, 2020 TUESDAY

## ➢ સંયુક્ત આરબ અમિરાતનું પ્રથમ મંગળ મિશન 'HOPE' (હોપ) સફળતાપૂર્વક લોન્ચ

19 જુલાઈ, 2020ના રોજ UAE દ્વારા 'હોપ' (HOPE) નામનું એક ઓર્બિટર સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું છે.

- આ મિશન UAE અથવા United Arab Emirates અથવા તો સંયુક્ત આરબ અમિરાતનું પ્રથમ મંગળ મિશન (Mars Mission) છે.
- માત્ર સંયુક્ત આરબ અમિરાત જ નહિ પરંતુ કોઈ મુસ્લિમ દેશ દ્વારા અથવા તો આરબ જગત દ્વારા મંગળ ગ્રહના અભ્યાસ માટે લોન્ચ કરવામાં આવેલું પણ આ પ્રથમ મિશન છે.
- 'હોપ' નામના આ ઓર્બિટરને મંગળ ગ્રહના અભ્યાસ માટે પૃથ્વી પરથી રવાના કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### આ મિશન ક્યાંથી લોન્ચ કરવામાં આવ્યું હતું ?

સંયુક્ત આરબ અમિરાતનું આ પ્રથમ મંગળ મિશન જાપાનના તાનેગાશિમા સ્પેસ સેન્ટર (Tanegashima Space Center - TNSC) ખાતેથી લોન્ચ કરવામાં આવ્યું છે.

### કયા રોકેટની મદદથી આ મિશન લોન્ચ કરવામાં આવ્યું છે ?

આ મિશન H-2A (અથવા તો H-IIA) નામના રોકેટની મદદથી લોન્ચ કરવામાં આવ્યું છે.

- જે ફેબ્રુઆરી 2021માં UAEના એકીકરણની 50મી વર્ષગાંઠે મંગળ ગ્રહની કક્ષામાં પ્રવેશ કરે તેવી સંભાવના છે.
- આ મિશનનું આયુષ્ય 2 વર્ષનું છે. જે મંગળ ગ્રહની કક્ષા સુધી પહોંચ્યા બાદ 1 મંગળ વર્ષ એટલે કે 687 દિવસ સુધી મંગળની કક્ષામાં ચક્કર લગાવશે.

**નોંધ :** H-2A લોન્ચ વ્હીકલ નંબર 42 (અથવા તો H-2AF42) નામનું આ રોકેટ જાપાનની કંપની 'મિત્સુબિશી' દ્વારા બનાવવામાં આવ્યું છે.

## આ મિશનનો ઉદ્દેશ

સંયુક્ત આરબ અમિરાત દ્વારા લોન્ચ કરવામાં આવેલા તેના પ્રથમ મંગળ મિશનનો મુખ્ય ઉદ્દેશ લાલ ગ્રહ મંગળના **પર્યાવરણ, વાતાવરણ અને હવામાન વિશે માહિતી એકત્ર કરવાનો** છે.

- જે UAEની લાંબા ગાળાની યોજનાનો એક ભાગ છે.
- UAE દ્વારા આગામી 100 વર્ષમાં મંગળ ગ્રહ પર માનવ વસવાટની યોજનાના ભાગરૂપે આ મિશન લોન્ચ કરવામાં આવ્યું છે.

**નોંધ :** (1) UAE દ્વારા લોન્ચ કરવામાં આવેલા આ યાન પર **અરબી** ભાષામાં **'અલ-અમલ'** લખેલું હતું. જેનો અર્થ **'HOPE'** થાય છે. આથી, આ મિશનને **'હોપ'** ઉપરાંત **'અલ-અમલ' મિશન** તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) UAEના રાષ્ટ્રપતિ **શ્રી શેખ ખલિફા બિન જાયદ અલ નાહયાને 2014**માં આ મિશનની જાહેરાત કરી હતી.

(3) UAEની અવકાશ સંસ્થાનું નામ **'United Arab Emirates Space Agency' (UAESA)** છે.

(4) UAE દ્વારા લોન્ચ કરાયેલું આ મિશન માનવ રહિત છે.

(5) આ અગાઉ ખરાબ હવામાનને કારણે આ મિશનની તારીખમાં એક–બે વખત ફેરફાર કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE CURRENT NEWS
કરંટ અફેર્સની તૈયારી હવે
વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો
અમારી YouTube ચેનલ
YouTube
ICE RAJKOT
SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION
માટે BELL icon PRESS કરો.

## ➤ ભારતીય રેલવે દ્વારા વર્ષ 2023થી 2027 સુધીમાં 151 પ્રાઈવેટ ટ્રેનો દોડાવવામાં આવશે

**ભારતીય રેલવે** દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલી એક યોજના અનુસાર **ભારત**માં વર્ષ **2023થી 2027** સુધીમાં કુલ **151 પ્રાઈવેટ ટ્રેનો** દોડાવવામાં આવશે.

- આ અંતર્ગત ભારતીય રેલવે દ્વારા **પ્રથમ તબક્કા**માં વર્ષ **2023** સુધીમાં **12** ખાનગી ટ્રેનો દોડાવવામાં આવશે.
- ત્યારબાદ વર્ષ **2024**માં બીજી **45 ટ્રેનો** દોડાવવામાં આવશે.
- અને વર્ષ **2027** સુધીમાં ભારતમાં **કુલ 151** ખાનગી ટ્રેનો દોડતી થઈ જશે તેવું ભારતીય રેલવે દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

### આ ટ્રેનની વિશેષતા


ભારતમાં **'તેજસ એક્સપ્રેસ'**ની તર્જ પર **109 રૂટ પર** આ **151** ખાનગી ટ્રેનો દોડાવવામાં આવશે.

- આ દરેક ટ્રેનમાં **16 કોચ** હશે.
- આ ટ્રેનની મહત્તમ સ્પીડ **160 કિમી પ્રતિ કલાક** સુધીની હશે.
- આ ટ્રેનોમાંથી **70 ટકા** ટ્રેનોનું નિર્માણ **'મેક ઈન ઈન્ડિયા'** અંતર્ગત **ભારત**માં જ થશે.
- પેસેન્જર ટ્રેનના સંચાલન ઉપરાંત તેના મેન્ટેનન્સ, ખરીદી અને ટ્રાન્સપોર્ટેશનની જવાબદારી જે તે કંપનીની રહેશે.
- જોકે, તેનાં ભાડાં **ભારતીય રેલવે** દ્વારા નક્કી કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➤ ભારતના પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી શ્રી સી. એસ. શેષાદ્રીનું નિધન



ભારતના પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી **શ્રી સી. એસ. શેષાદ્રીનું** 17 જુલાઈ 2020ના રોજ તમિલનાડુના ચેન્નાઈ ખાતે 88 વર્ષની વયે નિધન થયું છે.

- 29 ફેબ્રુઆરી 1932ના રોજ તમિલનાડુના કાંચીપુરમ ખાતે તેમનો જન્મ થયો હતો.
- શ્રી સી. એસ. શેષાદ્રીનું પૂરું નામ **શ્રી કાંજીવરમ શ્રીરંગચારી શેષાદ્રી** હતું.
- પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી શ્રી સી. એસ. શેષાદ્રીએ બીજગણિત ભૂમિતિ (Algebraic Geometry)માં બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું.
- બીજગણિત ભૂમિતિમાં તેમણે કરેલી એક શોધને 'Seshadri Constant' નામ પણ આપવામાં આવ્યું હતું.
- તેમણે તમિલનાડુના ચેન્નાઈમાં 'ચેન્નાઈ મેથેમેટિકલ ઈન્સ્ટિટ્યૂટ' (Chennai Mathematical Institute-(CMI)ની સ્થાપના કરી હતી અને તેઓ તેના 'Derector-Emeritus' હતા.
- તેઓ મેથેમેટિક્સમાં Seshadri Constant ઉપરાંત Narasimhan-Seshadri Theorem અને Standard Monomial theory માટે પણ પ્રસિદ્ધ હતા.
- તેમણે ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ (TIFR)ની મુંબઈ ખાતે આવેલી સ્કૂલ ઓફ મેથેમેટિક્સમાંથી શિક્ષક તરીકેની કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો.
- ત્યારબાદ તેમણે યુનિવર્સિટી ઓફ પેરિસ, હાવર્ડ યુનિવર્સિટી કેમ્બ્રિજ તથા જાપાનની ક્યોટો યુનિવર્સિટીમાં પણ વિઝિટિંગ પ્રોફેસર તરીકે કાર્ય કર્યું હતું.

### એવોર્ડ

પ્રોફેસર સી. એસ. શેષાદ્રીને એનાયત થયેલા મહત્ત્વના એવોર્ડમાં નીચેના પુરસ્કારોનો સમાવેશ થાય છે:

(1) **પદ્મ ભૂષણ**

(2) **શાંતિ સ્વરૂપ ભટનાગર એવોર્ડ**

(3) **શ્રીનિવાસ રામાનુજન મેડલ**

(4) **ફેલો ઓફ IAS, INSA અને ફેલો ઓફ ધ રોયલ સોસાયટી**

(5) **ફેલો ઓફ ધ અમેરિકન મેથેમેટિકલ સોસાયટી**

**નોંધ :** (1) શ્રી સી. એસ. શેષાદ્રી માત્ર ભારતના જ નહિ, પરંતુ વિશ્વ પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી હતા. તેમના નિધન અંગે શોક વ્યક્ત કરતા વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** જણાવ્યું હતું કે – "પ્રોફેસર સી. એસ. શેષાદ્રીના નિધન સાથે જ આપણે ગણિતમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારા એક નિષ્ઠાવાન બુદ્ધિજીવીને ગુમાવી દીધા છે. તેમના પ્રયત્નોને, ખાસ કરીને બીજગણિત ભૂમિતિમાં કરેલા તેમના પ્રયાસોને, પેઢીઓ સુધી યાદ કરવામાં આવશે."

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(2) શ્રી સી. એસ. શેષાદ્રીને ભારત સરકાર તરફથી પદ્મ ભૂષણ પુરસ્કાર એનાયત થયો હતો, પદ્મ શ્રી કે પદ્મ વિભૂષણ નહિ.

## ICE Questions

1. 19 જુલાઈ 2020ના રોજ કયા દેશ દ્વારા પ્રથમ મંગળ મિશન લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) સાઉદી અરેબિયા (B) કુવૈત
(C) ઈરાન (D) સંયુક્ત આરબ અમિરાત **(D)**

2. સંયુક્ત આરબ અમિરાત દ્વારા લોન્ચ કરવામાં આવેલા પ્રથમ મંગળ મિશનનું નામ શું છે ?
(A) અલ–અમલ અથવા સ્કોપ (B) અલ–અમલ અથવા હોપ
(C) અલ–અમલ અથવા માર્સ (D) અલ–અમલ અથવા સ્કાય **(B)**

3. સંયુક્ત આરબ અમિરાત અથવા તો UAE દ્વારા શેના અભ્યાસ માટે 'હોપ' નામથી પ્રથમ મિશન લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) ચંદ્ર (B) શનિ (C) મંગળ (D) ક્ષુદ્ર ગ્રહ **(C)**

4. યુનાઈટેડ આરબ અમિરાત દ્વારા પ્રથમ મંગળ મિશન ક્યાંથી લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) અમેરિકા (B) રશિયા (C) જાપાન (D) ફ્રાન્સ **(C)**

5. જાપાનના કયા સ્પેસ સેન્ટર પરથી UAEનું પ્રથમ મંગળ મિશન લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) તાનેગાશિમા (B) જોનસેનત્સામા
(C) લેમેમોનાત્સા (D) પ્યોનજેંગલિમા **(A)**

6. સંયુક્ત આરબ અમિરાત દ્વારા લોન્ચ કરવામાં આવેલા મંગળ મિશનના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. તે માત્ર UAEનું જ નહિ પરંતુ કોઈ મુસ્લિમ દેશ અથવા તો આરબ જગત દ્વારા લોન્ચ કરાયેલું પ્રથમ મંગળ મિશન છે.
2. તે H-2A અથવા તો H-2AF42 નામના રોકેટની મદદથી લોન્ચ કરવામાં આવ્યું છે.
3. UAEના એકીકરણની 50મી વર્ષગાંઠે ફેબ્રુઆરી 2021 દરમિયાન તે મંગળની કક્ષામાં પ્રવેશ કરે તેવી સંભાવના છે.

Ans. (A) 1, 2, 3 (B) 1, 3 (C) 1, 2 (D) ફક્ત 1 **(A)**

7. ભારતીય રેલવે દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા કાર્યક્રમ અનુસાર ભારતમાં પ્રથમ તબક્કામાં ક્યાં સુધીમાં 12 જેટલી ખાનગી ટ્રેનો દોડાવવામાં આવશે ?
(A) 2022 (B) 2023 (C) 2024 (D) 2025 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. ભારતીય રેલવે દ્વારા ભારતમાં કયાં સુધીમાં કુલ 151 જેટલી પ્રાઈવેટ ટ્રેનો દોડવવામાં આવશે ?
(A) 2025 (B) 2026 (C) 2027 (D) 2028 **(C)**

9. ભારતીય રેલવે દ્વારા વર્ષ 2023 સુધીમાં પ્રથમ તબક્કામાં કેટલી ખાનગી ટ્રેનો દોડાવવાની જાહેરાત કરવામાં આવી છે ?
(A) 10 (B) 12 (C) 45 (D) 76 **(B)**

10. ભારતીય રેલવે દ્વારા વર્ષ 2027 સુધીમાં ભારતમાં 151 ખાનગી ટ્રેનો દોડાવવાની યોજના બનાવવામાં આવી છે...આ ટ્રેનોની વિશેષતાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. આ દરેક ટ્રેનમાં 27 કોચ હશે.
2. આ ટ્રેનની મહત્તમ સ્પીડ 160 કિમી પ્રતિ કલાક હશે.
3. ભારતમાં 'તેજસ એકસપ્રેસ'ની તર્જ પર આ ટ્રેન દોડાવવામાં આવશે.
4. આ ટ્રેનોમાંથી 70 ટકા ટ્રેનોનું નિર્માણ ભારતમાં જ થશે.
Ans.(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 2, 4 (D) 2, 3 **(B)**

11. તાજેતરમાં શ્રી સી. એસ. શેષાદ્રીનું નિધન થયું છે ....તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?
(A) સાહિત્ય (B) અર્થશાસ્ત્ર (C) પત્રકારત્વ (D) ગણિત **(D)**

12. ભારતના પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી શ્રી સી. એસ. શેષાદ્રીનું નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ?
(A) તેલંગાણા (B) તમિલનાડુ (C) આંધ્રપ્રદેશ (D) કર્ણાટક **(B)**

13. ભારતના પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી શ્રી સી. એસ. શેષાદ્રીનું નિધન થયું છે...તેમનું પૂરું નામ શું છે ?
(A) શ્રી કાંજીવરમ શ્રીરંગાસામી શેષાદ્રી (B) શ્રી કાંજીવરમ શ્રીરંગાસ્વામી શેષાદ્રી
(C) શ્રી કાંજીવરમ શ્રીરંગાચારી શેષાદ્રી (D) શ્રી કાંજીવરમ શ્રીરંગાપટ્ટી શેષાદ્રી **(C)**

14. ભારતના પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી શ્રી સી. એસ. શેષાદ્રીના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. બીજગણિત ભૂમિતિમાં તેમનું મહત્ત્વનું યોગદાન હતું.
2. તેમણે બેંગાલુરુ ખાતે 'બેંગાલુરુ મેથેમેટિકસ ઈન્સ્ટિટયૂટ' (BMT)ની સ્થાપના કરી હતી.
Ans.(A) 1 અને 2 (B) ફકત 1 (C) ફકત 2 (D) બેમાંથી એકપણ નહિ **(B)**

15. ભારતના પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી શ્રી સી. એસ. શેષાદ્રીનું તાજેતરમાં નિધન થયું છે.... તેમને ભારત સરકાર તરફથી કયો પુરસ્કાર એનાયત થયો હતો ?
(A) પદ્મ શ્રી (B) પદ્મ ભૂષણ (C) પદ્મ વિભૂષણ (D) ઉપરોકત ત્રણેય **(B)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**22 JULY, 2020 WEDNESDAY**

## ➤ દિવસ મહિમા : 22 જુલાઈ, રાષ્ટ્રીય કેરી દિવસ (National Mango Day)

ભારતમાં દર વર્ષે **22 જુલાઈ**ના રોજ **'નેશનલ મેન્ગો ડે'**ની ઉજવણી કરવામાં આવે છે.



- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ રસદાર ફળ કેરી વિશે વધારેમાં વધારે માહિતી ફેલાવવાનો છે.
- કેરીનું વૈજ્ઞાનિક નામ **'મેંગીફેરા ઈન્ડિકા' (Mangifera Indica)** છે.
- અને તે **કાજૂ પરિવાર (Anacardiaceae)**નું સભ્ય છે.
- તેમાં **વિટામિન A, C અને D** ભરપૂર માત્રામાં હોય છે.

**નોંધ :** (1) ભારતના **કેરળ**માં **કન્નુર** જિલ્લાના **કન્નપુરમ**ને **'સ્વદેશી મેન્ગો હેરિટેજ એરિયા'** જાહેર કરવામાં આવ્યો છે.
(2) આ વિસ્તારમાં કેરીની 200થી વધુ જાતો ઉગાડવામાં આવે છે.

## ➤ કોરોનાના વધતા પ્રસારને કારણે વર્ષ 2020ની અમરનાથ યાત્રા રદ

ભારતમાં કોરોનાના વધતા પ્રસારને કારણે વર્ષ 2020ની **અમરનાથ યાત્રા** રદ કરવામાં આવી છે.

- આ અગાઉ વર્ષ **2019**માં **આર્ટિકલ 370** રદ થવાને કારણે અમરનાથ યાત્રા અધવચ્ચે જ સ્થગિત કરી દેવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### અમરનાથ યાત્રા

ભારતમાં સામાન્ય રીતે દર વર્ષે **જુલાઈ-ઓગસ્ટ** મહિનામાં આ યાત્રા યોજાય છે.

- અને આ માટેના રજિસ્ટ્રેશનનો પ્રારંભ **એપ્રિલ** મહિનામાં જ થઈ જાય છે.
- **જમ્મુ કાશ્મીર**માં દર વર્ષે યોજાતી પ્રસિદ્ધ અમરનાથ યાત્રાના બે માર્ગ છે :
  (1) **પહેલગામથી અમરનાથ (37-47km)**
  (2) **બાલતાલથી અમરનાથ (14-16km)**
- જમ્મુ કાશ્મીરમાં અમરનાથ યાત્રા માટે **પહેલગામ** અથવા તો **બાલતાલ** સુધી બસ અથવા તો અન્ય કોઈ વાહન દ્વારા જઈ શકાય છે.
- ત્યારબાદ **પહેલગામ** અથવા તો **બાલતાલ**થી આ યાત્રા **પગપાળા** કરવાની હોય છે.
- જેમાં **બાલતાલથી અમરનાથ** વચ્ચેની પગપાળા યાત્રા લગભગ **14 કિમી** સુધીની હોય છે. આથી, આ રૂટ ખૂબ જ ટૂંકો છે. આ માર્ગે 1 દિવસમાં અમરનાથની યાત્રા થઈ શકે છે.

- પરંતુ <u>બાલતાલ</u>થી અમરનાથની યાત્રા <u>ખૂબ જ જોખમી</u> હોવાથી સરકાર આ રૂટથી થતી યાત્રાને પ્રોત્સાહન આપતી નથી. આ માર્ગ પર યાત્રીઓએ પોતાના જોખમે યાત્રા કરવાની હોય છે. રસ્તામાં કોઈ અણધારી ઘટના ઘટે તે માટે ભારત સરકાર જવાબદારી લેતી નથી.
- આથી, મોટા ભાગના યાત્રીઓ <u>પહેલગામ</u>થી અમરનાથના માર્ગે જ આ યાત્રા કરે છે. અને ભારત સરકાર પણ સત્તાવાર રીતે આ માર્ગે થતી યાત્રાને જ પ્રોત્સાહન આપે છે.
- આ માર્ગે યાત્રા લગભગ પાંચ દિવસમાં પૂર્ણ થાય છે.

**નોંધ :** <u>શ્રીનગરથી પહેલગામ</u> વચ્ચેનું અંતર લગભગ 89 કિમી જેટલું છે.

## અમરનાથ યાત્રાનું સંચાલન

જમ્મુ કાશ્મીરમાં યોજાતી આ અમરનાથ યાત્રાનું સંચાલન <u>શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડ</u> દ્વારા કરવામાં આવે છે.

- આ બોર્ડની રચના વર્ષ <u>2000</u>માં કરવામાં આવી હતી.
- વર્તમાન સમયે <u>જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ</u> તેના <u>અધ્યક્ષ</u> હોય છે. જોકે, અગાઉ જમ્મુ કાશ્મીર જ્યારે રાજ્ય હતું ત્યારે જમ્મુ કાશ્મીરના <u>રાજ્યપાલ</u> આ બોર્ડના અધ્યક્ષ હતા.

**નોંધ :** (1) <u>શ્રી ગિરીશચંદ્ર મુર્મુ</u>ની અધ્યક્ષતામાં મળેલી શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડની બેઠકમાં અમરનાથ યાત્રા રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

(2) 22 જુલાઈ 2020ના રોજ જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ અથવા તો લેફ્ટનન્ટ ગવર્નર <u>શ્રી ગિરીશચંદ્ર મુર્મુ</u> હતા. જોકે તેમણે 5 ઓગસ્ટ 2020ના રોજ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે.

(3) 6 ઓગસ્ટ, 2020ના રોજ <u>જમ્મુ કાશ્મીર</u>ના નવા ઉપરાજ્યપાલ તરીકે <u>શ્રી મનોજ સિંહા</u>ની નિમણૂક કરવામાં આવી છે, જ્યારે <u>શ્રી ગિરીશચંદ્ર મુર્મુ</u> ભારતના નવા <u>CAG</u> બન્યા છે.

## અમરનાથ મંદિર

અમરનાથ એ હિંદુ ધર્મનું એક મહત્ત્વનું તીર્થસ્થળ છે.

- ભારતમાં <u>જમ્મુ કાશ્મીર</u>ના <u>અનંતનાગ</u> જિલ્લામાં આવેલા <u>અમરનાથ પર્વત</u>ની એક <u>પહાડી ગુફા</u>માં <u>13,600 ફૂટ ઊંચાઈ</u> પર આ મંદિર આવેલું છે.
- આ ગુફાની લંબાઈ <u>19 મીટર</u>, પહોળાઈ <u>16 મીટર</u> અને ઊંચાઈ <u>11 મીટર</u> જેટલી છે.
- અમરનાથ ગુફા એ <u>ભગવાન શિવ</u>નું પ્રસિદ્ધ તીર્થધામ છે.
- તેને <u>તીર્થોનું તીર્થ</u> કહેવામાં આવે છે કેમકે અહીં <u>ભગવાન શિવે માં પાર્વતીને અમરત્વનું રહસ્ય સમજાવ્યું</u> હતું.

- **અમરનાથ મંદિર**ને પ્રસિદ્ધ **51 શક્તિ પીઠોમાંની એક** માનવામાં આવે છે. અહીં માતા સતીનો **કંઠનો ભાગ** પડયો હોવાનું કહેવાય છે.

## અમરનાથ મંદિરની વિશેષતા



અમરનાથ મંદિરની મુખ્ય વિશેષતા આ પવિત્ર ગુફામાં દર વર્ષે **બરફથી થતું કુદરતી શિવલિંગનું નિર્માણ** છે.

- દર વર્ષે **અષાઢી પૂર્ણિમા**થી લઈને પવિત્ર **શ્રાવણ માસ** દરમિયાન નિર્માણ થતા આ **બરફના શિવલિંગ**ના દર્શન માટે લાખો શ્રદ્ધાળુઓ આ મંદિરની મુલાકાતે આવે છે.
- આ મંદિરમાં શિવલિંગનું નિર્માણ **કુદરતી રીતે જ બરફ**થી થતું હોવાથી તેને **'હિમાની શિવલિંગ'** અથવા તો **'બર્ફાની બાબા'** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- અહીં ટપકતા બરફના ટીંપામાંથી લગભગ **10 ફૂટ ઊંચું શિવલિંગ** બને છે.
- ચંદ્રમાના ઘટવા–વધવા સાથે આ બરફનો આકાર પણ ઘટતો વધતો રહે છે.
- **શ્રાવણી પૂર્ણિમા**એ તે પોતાના પૂરા આકારમાં આવી જાય છે. અને **અમાસ** સુધીમાં તે ધીરે ધીરે નાનું થઈ જાય છે.
- અહીં આશ્ચર્યની વાત એ છે કે, આ શિવલિંગ **નક્કર બરફ**નું બનેલું હોય છે. જ્યારે ગુફામાં સામાન્ય રીતે **કાચો બરફ** હોય છે, જે હાથમાં લેતાં જ ચૂરચૂર થઈ જાય છે.
- આ મૂળ શિવલિંગથી થોડા અંતરે **શ્રી ગણેશજી, ભૈરવ અને માતા પાર્વતી**ના આવા જ અલગ અલગ હિમખંડ હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અમરનાથ મંદિર વિશેની લોકવાયકાઓ

(1) આ ગુફામાં **ભગવાન શિવે માતા પાર્વતીને અમરકથા** સંભળાવી હતી. જેને સાંભળીને **શ્રી શુકદેવ ઋષિ શુકદેવ** તરીકે અમર થઈ ગયા હતા.


(2) આ ગુફામાં **કબૂતરોની એક જોડી** પણ આ કથા સાંભળીને **અમર** થઈ ગઈ હતી. કેટલાક શ્રદ્ધાળુઓને આજે પણ આ કબૂતરોની જોડીના દર્શન થાય છે.

(3) ભગવાન શિવે આ ગુફામાં પાર્વતીને **અમરનાથની યાત્રા** અને એ માર્ગે આવતા **અનેક સ્થળોનું વર્ણન** કર્યું હતું. આ કથા સમય જતાં **અમરકથા** નામથી પ્રસિદ્ધ થઈ હતી.

**નોંધ :** (1) સૌપ્રથમ **ભૃગુ ઋષિએ અમરનાથ**ની શોધ કરી હોવાનું માનવામાં આવે છે.

(2) 16મી સદીના પૂર્વાર્ધમાં એક **મુસલમાન ભરવાડ**ને અમરનાથની ગુફામાં બરફના શિવલિંગના **સૌપ્રથમ દર્શન** થયા હતા એવું પણ કહેવાય છે.

## ➤ મધ્યપ્રદેશના રાજ્યપાલ શ્રી લાલજી ટંડનનું નિધન



મધ્યપ્રદેશના રાજ્યપાલ અને ઉત્તરપ્રદેશના ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ નેતા શ્રી લાલજી ટંડનનું 21 જુલાઈ 2020ના રોજ ઉત્તરપ્રદેશના લખનૌની મેદાંતા હોસ્પિટલમાં 85 વર્ષની વયે નિધન થયું છે.

- 12 એપ્રિલ 1935ના રોજ ઉત્તરપ્રદેશના લખનૌ ખાતે તેમનો જન્મ થયો હતો.
- શ્રી લાલજી ટંડન નિધન સમયે મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકે કાર્યરત ન હતા. મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકેનો તેમનો કાર્યકાળ 29 જુલાઈ 2019થી 1 જુલાઈ 2020 સુધીનો હતો.
- શ્રી લાલજી ટંડનની નાદુરસ્ત તબિયતને કારણે થોડા સમય અગાઉ જ શ્રી લાલજી ટંડનની જગ્યાએ મધ્યપ્રદેશના કાર્યકારી રાજ્યપાલ તરીકે ઉત્તરપ્રદેશના રાજ્યપાલ સુશ્રી આનંદીબેન પટેલને વધારાનો હવાલો સોંપવામાં આવ્યો હતો.
- શ્રી લાલજી ટંડન મધ્યપ્રદેશ ઉપરાંત બિહારના પણ પૂર્વ રાજ્યપાલ હતા.
- સપ્ટેમ્બર 2003થી મે 2007 દરમિયાન તેઓ ઉત્તરપ્રદેશ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા રહયા હતા. એ સમયે ઉત્તરપ્રદેશમાં શ્રી મુલાયમ સિંહ યાદવની સરકાર હતી.
- ત્યારબાદ મે 2009થી મે 2014 દરમિયાન શ્રી અટલ બિહારી વાજપેઈજીના સ્થાને તેઓ ઉત્તરપ્રદેશની લખનૌ લોકસભા સીટ પરથી સાંસદ પણ રહયા હતા.

**નોંધ :** (1) શ્રી લાલજી ટંડન મધ્યપ્રદેશના 22મા અને બિહારના 28મા રાજ્યપાલ હતા.

(2) બિહારના રાજ્યપાલ તરીકે તેમણે ઓગસ્ટ 2018થી જુલાઈ 2019 દરમિયાન સેવા આપી હતી.

(3) મધ્યપ્રદેશના વર્તમાન (22 જુલાઈ 2020ની સ્થિતિએ) કાર્યકારી રાજ્યપાલ સુશ્રી આનંદીબેન પટેલ છે.

(4) શ્રી લાલજી ટંડનના નિધન બાદ ઉત્તરપ્રદેશ સરકારે ઉત્તરપ્રદેશમાં ત્રણ દિવસના રાજકીય શોકની જાહેરાત કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE Questions

1. ભારતમાં 'નેશનલ મેન્ગો ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 20 જુલાઈ (B) 21 જુલાઈ (C) 22 જુલાઈ (D) 23 જુલાઈ **(C)**

2. જુલાઈ 2020 દરમિયાન ભારતમાં કોના દ્વારા પ્રસિદ્ધ અમરનાથ યાત્રા રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ?
(A) ભારતના રાષ્ટ્રપતિ (B) કેન્દ્રીય કેબિનેટ
(C) શ્રી અમરનાથ મંદિર (D) શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડ **(D)**

3. ભારતમાં અમરનાથ યાત્રાનું સંચાલન કોના દ્વારા કરવામાં આવે છે ?
(A) જમ્મુ કાશ્મીર પ્રશાસન (B) કેન્દ્ર સરકાર
(C) શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડ (D) A અને B બંને **(C)**

4. ભારતમાં અમરનાથ યાત્રાનો પ્રારંભ કયા સ્થળેથી થાય છે ?
(A) બારામુલ્લા (B) પૂંચ (C) પહેલગામ (D) પુલવામા **(C)**

5. ભારતમાં અમરનાથ યાત્રા માટે પ્રસિદ્ધ અમરનાથ મંદિર જમ્મુ કાશ્મીરના કયા જિલ્લામાં આવેલું છે ?
(A) જમ્મુ (B) અનંતનાગ (C) ઉધમપુર (D) કુપવાડા **(B)**

6. ભારતમાં અમરનાથ યાત્રા માટે પ્રસિદ્ધ અમરનાથ મંદિર કયા પર્વત પર આવેલી એક ગુફામાં આવેલું છે ?
(A) માઉન્ટ પ્રયાગરાજ (B) માઉન્ટ હિમરાજ
(C) માઉન્ટ અમરનાથ (D) માઉન્ટ હિમલતા **(C)**

7. જમ્મુ કાશ્મીરમાં આવેલા ભારતના પ્રસિદ્ધ અમરનાથ મંદિરના સંદર્ભમાં નીચેનામાંથી કયું / કયા વિધાનો સાચાં છે ?
1. અહીં ભગવાન શિવે માતા પાર્વતીને અમરત્વનું રહસ્ય સમજાવ્યું હતું, તેથી તેને તીર્થોનું તીર્થ કહેવામાં આવે છે.
2. તે પ્રસિદ્ધ 51 શકિત પીઠોમાંનું એક છે, અહીં માતા સતીનો કંઠનો ભાગ પડયો હતો.

Ans. (A) 1 અને 2 (B) ફકત 1
(C) ફકત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. 21 જુલાઈ 2020ના રોજ શ્રી લાલજી ટંડનનું નિધન થયું છે....તેમણે ભારતના કયા રાજ્યના રાજ્યપાલ તરીકે સેવા આપી હતી ?

(A) મધ્યપ્રદેશ (B) મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ
(C) મધ્યપ્રદેશ અને છત્તીસગઢ (D) મધ્યપ્રદેશ અને બિહાર **(D)**

9. મધ્યપ્રદેશના રાજ્યપાલ શ્રી લાલજી ટંડનનું નિધન થયું છે... તેમનો જન્મ કયાં થયો હતો ?

(A) મધ્યપ્રદેશ (B) બિહાર (C) ઉત્તરપ્રદેશ (D) છત્તીસગઢ **(C)**

10. શ્રી લાલજી ટંડનના સંદર્ભમાં નીચેનામાંથી કયું / કયા વિધાનો સાચાં છે ?

1. તેઓ ઉત્તરપ્રદેશની લખનૌ બેઠક પરથી સાંસદ રહયા હતા.
2. નિધન સમયે તેઓ મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકે કાર્યરત હતા.

Ans. (A) 1 અને 2 (B) ફકત 1
(C) ફકત 2 (D) બેમાંથી એકપણ નહિ **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



**23 JULY, 2020 THURSDAY**

## ➤ COVID-19 મહામારી દરમિયાન માનસિક તણાવ દૂર કરવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'કોરોના સાંત્વના' હેલ્પલાઈન લોન્ચ

ગુજરાતના **અમદાવાદ** શહેરમાં **અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન** દ્વારા **'કોરોના સાંત્વના'** નામથી એક **હેલ્પલાઈન** લોન્ચ કરવામાં આવી છે.

- આ હેલ્પલાઈનનો મુખ્ય ઉદ્દેશ **COVID-19** મહામારી દરમિયાન **શહેરના લોકોનો માનસિક તણાવ દૂર કરવાનો** છે.
- આ અંતર્ગત માનસિક તણાવ અનુભવતી વ્યકિતને આ હેલ્પલાઈન પર કોલ કરવાથી અમદાવાદની SVP તથા LG હોસ્પિટલના નિષ્ણાંત મનોવૈજ્ઞાનિકો દ્વારા વિના મૂલ્યે સેવા આપવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### હેલ્પલાઈન નંબર


અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા **'કોરોના સાંત્વના'** હેલ્પલાઈનનો હેલ્પલાઈન નંબર અગાઉ **1100** જાહેર કરવામાં આવ્યો હતો.

- જોકે, ટેકનિકલ કારણોસર આ નંબર બદલીને હવે **14499** કરવામાં આવ્યો છે.

**નોંધ :** (1) આ નંબર પર સવારના 9:00થી રાત્રીના 9:00 સુધી કોલ કરવાથી નિષ્ણાત, તાલીમબદ્ધ અને અનુભવી મનોચિકિત્સકની ટીમ દ્વારા શહેરીજનોને નિ:શુલ્ક સલાહ, માર્ગદર્શન તથા સારવાર આપવામાં આવે છે.

(2) મહિલાઓની સમસ્યાઓના નિરાકરણ માટે દરેક ટીમમાં એક મહિલા તબીબ પણ હાજર હોય છે.

ICE CURRENT AFFAIRS LOCKDOWN નથી
દરરોજ 5 મિનિટના 5 પ્રશ્નો સમજૂતી સાથે
ICE DAILY doseના Questions
ડાઉનલોડ કરવા અહીં કલિક કરો



## ➤ ભારતની સ્વદેશી એન્ટી ટેન્ક મિસાઈલ 'ધ્રુવાસ્ત્ર'નું સફળ પરીક્ષણ

જુલાઈ 2020 દરમિયાન ભારતમાં ઓડિશાના બાલાસોર જિલ્લાના ચાંદીપુર ખાતે આવેલી ટેસ્ટ રેન્જ પરથી 'ધ્રુવાસ્ત્ર' (Dhruvastra) નામની એક મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

- આ મિસાઈલ સંપૂર્ણ રીતે ભારતમાં જ નિર્માણ પામેલી એક સ્વદેશી મિસાઈલ છે.
- દુશ્મનની ટેન્કોનો ખાત્મો બોલાવવા માટે સક્ષમ એવી 'ધ્રુવાસ્ત્ર' 'એન્ટી ટેન્ક ગાઈડેડ' મિસાઈલ છે. જે હવે ભારતીય સેનાને સોંપવામાં આવી રહી છે.

### આ મિસાઈલની વિશેષતા

ધ્રુવાસ્ત્ર એ Third Generation, Fire and Forget Class, Anti-Tank Guided Missile (ATGM) છે.

- ભારતની નાગ (NAG) અથવા તો HELINA (Helicopter based NAG) મિસાઈલ પરથી ભારતીય એરફોર્સ માટે આ મિસાઈલ વિકસાવવામાં આવી છે.
- એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટરમાં ઉપયોગ થઈ શકે તે માટે વિકસાવવામાં આવેલી આ મિસાઈલને ભારતીય સેનાના ધ્રુવ હેલિકોપ્ટર પર ગોઠવવામાં આવશે.
- આ મિસાઈલની મારક ક્ષમતા લગભગ 4 થી 7 કિલોમીટર સુધીની છે.
- આ મિસાઈલ કોઈપણ પ્રકારની ટેન્કનો ખાતમો બોલાવવા માટે સક્ષમ છે.
- આ મિસાઈલ કોઈપણ ઋતુમાં, કોઈપણ વાતાવરણમાં, દિવસે અને રાત્રે પણ સમાન રીતે પ્રહાર કરવા માટે સક્ષમ છે.

**નોંધ :** (1) ભારતમાં DRDO દ્વારા આ મિસાઈલ વિકસાવવામાં આવી છે.

(2) આ મિસાઈલને DRDOની ખૂબ મોટી સિદ્ધિ માનવામાં આવે છે. કેમ કે, હવેથી ભારતે આવી મિસાઈલ માટે અન્ય દેશ પર નિર્ભર રહેવું પડશે નહિ.



JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ ચીન તથા પાકિસ્તાન સાથેની સરહદ પર નિરીક્ષણ માટે શક્તિશાળી સ્વદેશી ડ્રોન 'ભારત' ભારતીય સેનાને સોંપાયા

તાજેતરમાં ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા તનાવ વચ્ચે લદાખ સરહદે ચીનના સૈન્યની હિલચાલ પર નજર રાખવા માટે સંપૂર્ણ સ્વદેશી ડ્રોન **'ભારત'**ને ભારતીય સેનામાં સામેલ કરવામાં આવી રહયા છે.

### 'ભારત' ડ્રોનની વિશેષતા

ભારતીય સેના **ઊંચાઈવાળા તેમજ પહાડી વિસ્તારો**માં દુશ્મન સૈન્ય પર સટીક નજર રાખી શકે તે માટે આ ડ્રોન વિકસાવવામાં આવ્યું છે.

- આ ડ્રોન **વિશ્વનું સૌથી ચાલાક, સૌથી હલ્કુ અને સૌથી સ્ફૂર્તિલું ડ્રોન** હોવાનું કહેવાય છે.
- નાઈટ વિઝનવાળું આ ડ્રોન રાત્રીના ઘનઘોર અંધકારમાં પણ દુશ્મન સેનાની હિલચાલ પર નજર રાખી શકે છે. તે રિયલ ટાઈમનું વીડિયો રેકોર્ડિંગ પણ કરી શકે છે.
- **આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ** અને હાઈલેવલના કેમેરાથી સજ્જ આ ડ્રોન ગાઢ જંગલોમાં સંતાયેલા દુશ્મનોને પણ ટ્રેક કરી શકે છે.
- પોતાની વિશિષ્ટ ડિઝાઈન અને ટેક્નોલોજીને કારણે દુશ્મન દેશોના રડાર દ્વારા તેને પકડી શકાતું નથી.




- તે સૌથી ઠંડા પ્રદેશોમાં પણ કામ કરવા માટે સક્ષમ છે.
- આ ડ્રોન કોઈપણ પાયલટ વિના પણ પોતાના મિશનને અંજામ સુધી પહોંચાડી શકે છે.
- આ ઉપરાંત આ ખૂબ શકિતશાળી ડ્રોન દોસ્ત અને દુશ્મન વચ્ચેનો ફરક પણ પારખી શકે છે. એટલે કે ડ્રોનના કેમેરામાં કોઈ મૂવમેન્ટ પકડાય તો તે ભારતીય સેનાની છે કે દુશ્મન દેશની છે એ આ ડ્રોન ઓળખી શકે છે અને એ પ્રમાણે કન્ટ્રોલરૂમને ત્વરિત માહિતી પહોંચાડી શકે છે.



## આ ડ્રોન કોના દ્વારા વિકસાવવામાં આવ્યું છે ?

**DRDO** દ્વારા ભારતમાં જ આ ડ્રોનનું નિર્માણ કરવામાં આવ્યું હોવાથી આ ડ્રોનને **'ભારત' (BHARAT)** નામ આપવામાં આવ્યું છે.


- ભારતમાં **ચંદીગઢ** ખાતે આવેલી **'ટર્મિનલ બેલાસ્ટિક્સ રિસર્ચ લેબોરેટરી' (Terminal Ballistics Research Laboratory-TBRL)** નામની **DRDOની લેબોરેટરી** દ્વારા આ ડ્રોન વિકસાવવામાં આવ્યું છે.

## DRDO

**DRDOનું** પૂરું નામ **'Defence Research and Development Organisation' (સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા)** છે.

- તેની સ્થાપના **1958**ના રોજ થઈ હતી.
- તેનું વડુંમથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.
- તેનો મોટો (ધ્યેય વાક્ય) **'બલસ્ય મૂલં વિજ્ઞાનમ્'** છે.
- DRDOએ ભારતમાં સંરક્ષણ સંબંધિત સંશોધન માટેની એક અગ્રણી સંસ્થા છે.
- તે ભારત સરકારના **સંરક્ષણ મંત્રાલય**ના એક અભિન્ન અંગ તરીકે કાર્ય કરે છે.

**નોંધ :** **DRDO**ના વર્તમાન (23 જુલાઈ, 2020ની સ્થિતિએ) અધ્યક્ષ **શ્રી જી. સતીશ રેડ્ડી** છે.




Available at
amazon

## ICE Questions

1. COVID-19 મહામારી દરમિયાન શહેરીજનોનો માનસિક તનાવ દૂર કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કઈ હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે ?
(A) કોરોના સલામતી (B) કોરોના સુરક્ષા
(C) કોરોના સાંત્વના (D) #Be Positive **(C)**

2. COVID-19 મહામારી દરમિયાન શહેરીજનોનો માનસિક તનાવ દૂર કરવા માટે ગુજરાતના કયા શહેરમાં 'કોરોના સાંત્વના' નામની એક હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે ?
(A) અમદાવાદ (B) સુરત (C) વડોદરા (D) રાજકોટ **(A)**

3. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શરૂ કરવામાં આવેલી 'કોરોના સાંત્વના' નામની હેલ્પલાઈનનો હેલ્પલાઈન નંબર શું છે ?
(A) 1100 અથવા 14199 (B) 1100 અથવા 14299
(C) 1100 અથવા 14399 (D) 1100 અથવા 14499 **(D)**

4. જુલાઈ 2020 દરમિયાન ભારતે ધ્રુવાસ્ત્ર મિસાઈલનું કયાંથી સફળ પરીક્ષણ કર્યું છે ?
(A) શ્રી હરિકોટા, આંધ્રપ્રદેશ
(B) બંગાળની ખાડી, કોલકાતા
(C) ચાંદીપુર (બાલાસોર), ઓડિશા
(D) પોખરણ (રાજસ્થાનનું રણ), રાજસ્થાન **(C)**

5. ભારત દ્વારા 'ધ્રુવાસ્ત્ર' મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.... 'ધ્રુવાસ્ત્ર' કયા પ્રકારની મિસાઈલ છે ?
(A) એન્ટી સબમરીન (B) એન્ટી હેલિકોપ્ટર
(C) એન્ટી ટેન્ક (D) એન્ટી ફાઈટર પ્લેન **(C)**

6. 'ધ્રુવાસ્ત્ર' મિસાઈલના સંદર્ભમાં નીચેનામાંથી કયું / કયા વિધાનો સાચાં છે ?
1. તે થર્ડ જનરેશન ફાયર એન્ડ ફર્ગેટ કલાસ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ છે.
2. નાગ અથવા તો હેલિના નામની ભારતની મિસાઈલ પરથી ભારતીય એરફોર્સ દ્વારા તેને વિકસાવવામાં આવી છે.
3. તેને ભારતીય સેનાના ધ્રુવ હેલિકોપ્ટર પર ગોઠવવામાં આવશે.
4. આ સ્વદેશી મિસાઈલને ભારતમાં જ ISRO દ્વારા વિકસાવવામાં આવી છે.
Ans. (A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 2 **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. ચીન તથા પાકિસ્તાન સાથેની ભારતની સરહદે ઊંચાઈવાળા પહાડી વિસ્તારોમાં સટીક નિરીક્ષણ માટે ભારતે કયું સ્વદેશી ડ્રોન વિકસાવ્યું છે ?

(A) INDIA (B) HINDUSTAN

(C) HIND (D) BHARAT **(D)**

8. ભારતમાં કોના દ્વારા અતિશકિતશાળી 'ભારત' નામનું એક સ્વદેશી ડ્રોન વિકસાવવામાં આવ્યું છે ?

(A) HAL (B) ISRO (C) DRDO (D) DRRL **(C)**

9. ભારતમાં કઈ જગ્યાએ આવેલી DRDOની 'ટર્મિનલ બેલાસ્ટિકસ રિસર્ચ લેબોરેટરી' (TBRL) દ્વારા 'ભારત' નામનું અતિશકિતશાળી ડ્રોન વિકસાવવામાં આવ્યું છે ?

(A) ચેન્નાઈ (B) દિલ્હી (C) પૂણે (D) ચંદીગઢ **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

10. DRDO દ્વારા વિકસાવવામાં આવેલા 'ભારત' ડ્રોનના સંબંધમાં નીચેનામાંથી કયું / કયા વિધાનો સાચાં છે ?

1. તે વિશ્વનું સૌથી ચાલાક, સૌથી હલ્કુ અને સૌથી સ્ફૂર્તિલું ડ્રોન હોવાનું કહેવાય છે.
2. તેમાં નાઈટ વિઝન તથા રિયલ ટાઈમ વીડિયો રેકોર્ડિંગની સુવિધા છે.
3. દુશ્મન દેશોના રડાર દ્વારા તેને પકડી શકાતું નથી.
4. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી સજ્જ આ ડ્રોન દોસ્ત તથા દુશ્મન વચ્ચેનો ભેદ પારખી શકે છે.

Ans. (A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 3, 4 (D) 1, 2, 3 **(A)**

24 JULY, 2020 FRIDAY

## ➤ દિવસ મહિમા : 24 જુલાઈ, આવકવેરા દિવસ (Income Tax Day)

ભારતમાં દર વર્ષે 24 જુલાઈના રોજ 'આવકવેરા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- 24 જુલાઈ, 1860ના રોજ સર જેમ્સ વિલ્સન દ્વારા ભારતમાં આવકવેરાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- જોકે, એ સમયે 1857ના ભારતના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામમાં થયેલા નુકશાનની ભરપાઈ માટે ભારતમાં આ Income Tax લાદવામાં આવ્યો હતો.
- આ ઘટનાને વર્ષ 2010માં 150 વર્ષ પૂરા થયા હતા.
- આથી, આ દિવસની યાદમાં ભારત સરકારના ઈન્કમ ટેકસ ડિપાર્ટમેન્ટ દ્વારા 24 જુલાઈ, 2010થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- આ અંતર્ગત વર્ષ 2010થી ભારતમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

નોંધ : (1) સ્કોટલેન્ડમાં જન્મેલા સર જેમ્સ વિલ્સનને ભારતમાં બજેટ અને Income Tax સિસ્ટમના જનક માનવામાં આવે છે.

(2) વર્ષ 2020માં ભારતમાં 160મા 'આવકવેરા દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.

(3) આવકવેરાની ફરિયાદોના નિવારણમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે.

## ➤ પ્રસિદ્ધ તીર્થધામ અંબાજી ISO સર્ટિફિકેટ ધરાવતું ગુજરાતનું પ્રથમ યાત્રાધામ બન્યું

23 જુલાઈ 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના પ્રવાસન સચિવ સુશ્રી મમતા વર્મા તથા શ્રી આરાસૂરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષ અને બનાસકાંઠા જિલ્લા કલેકટર શ્રી સંદીપ સાંગલેને ગાંધીનગર ખાતે અંબાજી મંદિરનું ISO સર્ટિફિકેટ અર્પણ કર્યું હતું.

- આ સાથે જ ગુજરાતનું પ્રસિદ્ધ તીર્થધામ અંબાજી ISO 90001 : 2015 સર્ટિફિકેટ ધરાવતું ગુજરાતનું પ્રથમ યાત્રાધામ બની ગયું છે.
- શ્રી આરાસૂરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા યાત્રીઓ માટે અંબાજીમાં વિકસાવવામાં આવેલી વિવિધ સુવિધાઓ તથા તેના શ્રેષ્ઠ સંચાલન માટે અંબાજી મંદિરને આ સર્ટિફિકેટ એનાયત થયું છે.
- આ સર્ટિફિકેટની મુદત 3 વર્ષની છે. એટલે કે 3 વર્ષ સુધી આ સર્ટિફિકેટ માન્ય રહેશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**નોંધ :** (1) અંબાજી મંદિરનું સંચાલન **'શ્રી આરાસૂરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ'** દ્વારા કરવામાં આવે છે.

(2) **બનાસકાંઠા જિલ્લા કલેક્ટર શ્રી સંદીપ સાંગલે** આ ટ્રસ્ટના અધ્યક્ષ છે.

## આ સર્ટિફિકેટ કોના દ્વારા એનાયત થાય છે ?

ટૂંકમાં **ISO** તરીકે ઓળખાતા **International Organization for Standardization** નામના આંતરરાષ્ટ્રીય બિનસરકારી સંગઠન દ્વારા આ સર્ટિફિકેટ આપવામાં આવે છે.

- આ સંસ્થા દ્વારા જે તે સંસ્થાને તેની ગુણવત્તાયુક્ત સેવાઓ, પર્યાવરણ જાળવણીના ઉપાયો તથા સુરક્ષા અંગેના મૂલ્યાંકનને આધારે ISO સર્ટિફિકેટ આપવામાં આવે છે.
- **ISO** નામના આ સંગઠનની સ્થાપના **23 ફેબ્રુઆરી, 1947**ના રોજ થઈ હતી.
- તેનું વડુંમથક **સ્વિત્ઝર્લેન્ડ**ના **જીનેવા** ખાતે આવેલું છે.
- વર્તમાન સમયે વિશ્વના **165 દેશો** તેના સભ્યો છે.

**નોંધ :** ISO દ્વારા સત્તાવાર રીતે **ત્રણ ભાષાઓ**નો ઉપયોગ કરવામાં આવે છે : **ઈંગ્લિશ, ફ્રેન્ચ અને રશિયન.**

## અંબાજી મંદિરની વિશેષતા

ગુજરાતનું પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિર ગુજરાતના **બનાસકાંઠા** જિલ્લાના **દાંતા** તાલુકાના **આરાસુર** ગામમાં આવેલું છે.

- તે ગુજરાતની ઉત્તરે **રાજસ્થાન**ની સરહદ પાસે **અરવલ્લીના પર્વતો**ની વચ્ચે **આરાસુરના ડુંગર**માં આવેલું છે.
- અરવલ્લીની ગીરીમાળામાં તે દરિયાઈ સપાટીથી લગભગ **1580થી 1600 ફૂટની ઊંચાઈ પર** આવેલું છે.
- **અંબાજી એક પુરાણપ્રસિદ્ધ શક્તિપીઠ છે.** પ્રસિદ્ધ 51 શક્તિપીઠોમાં તેનું સ્થાન **હૃદય સમાન** છે. આરાસુરમાં દેવી સતી અથવા માતાજીના **હૃદયનો ભાગ** પડયો હોવાની માન્યતા છે.
- **અંબાજી 358 સુવર્ણ કળશ ધરાવતું ભારતનું એક માત્ર શક્તિપીઠ છે.**
- અંબાજી મંદિરમાં માતાજીની મૂર્તિની નહિ પરંતુ **વિશોયંત્ર** અથવા તો **વીસાયંત્ર**ની પૂજા થાય છે.
- વીસાયંત્રના શણગારને મુગટ તથા ચુંદડી સાથે એ રીતે ગોઠવાય છે કે તે સવારી પર આરૂઢ માતાજીની મૂર્તિ હોવાનો ભાસ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ યંત્ર શુદ્ધ સોનામાંથી બનેલું છે. એક માન્યતા મુજબ તે શ્રીયંત્ર છે અને તે ઉજ્જૈન અને નેપાળની શક્તિપીઠોના મૂળયંત્ર સાથે સંકળાયેલું છે.
- આ યંત્રમાં 51 અક્ષરો હોવાનું પ્રમાણ મળે છે.
- આ મંદિરમાં દર આઠમે વીસાયંત્રની વિશેષ પૂજા કરવામાં આવે છે. એમાંયે નવરાત્રિના આઠમા નોરતે હવન–યજ્ઞ સાથે વીસાયંત્રની પૂજાનું વિશેષ મહત્ત્વ છે.
- અહીં દર વર્ષ ભાદરવી પૂનમના રોજ અંબાજીનો પ્રસિદ્ધ મેળો ભરાય છે.

## અંબાજી વિશે પૌરાણિક માન્યતા

(1) ભાગવતમાં ઉલ્લેખ છે કે ભગવાન શ્રી કૃષ્ણના માથાના વાળ ઉતારવાની વિધિ (બાબરી અથવા ચૌલ ક્રિયા) આરાસુરમાં મા અંબાના સ્થાને માન સરોવર ખાતે થઈ હતી. એ પ્રસંગે શ્રી નંદ તથા યશોદાજીએ માતાજીના સ્થાનકે જવારા વાવ્યા હતા અને સાત દિવસ સુધી અંબાજી રહ્યા હતા. આજે પણ એ સ્થળ ગબ્બર પર્વત ઉપર જોવા મળે છે.

(2) વનવાસ દરમિયાન સીતાજીને શોધવા માટે ભગવાન શ્રી રામ અને શ્રી લક્ષ્મણ પણ અર્બુદાના જંગલોમાં શ્રી શૃંગી ઋષિના આશ્રમમાં આવ્યા હતા. અને શ્રી શૃંગી ઋષિએ તેમને માતાજીના આશીર્વાદ મેળવવા દર્શનાર્થે મોકલ્યા હતા.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) અંબાજીનું પ્રસિદ્ધ મંદિર **પ્રાગ ઐતિહાસિક કાળનું** હોવાનું મનાય છે. પણ ઉપલબ્ધ પરિસ્થિતિ અનુસાર હાલનું સ્થાનક **બારસો વર્ષ** જૂનું હોવાનું માનવામાં આવે છે.

(2) સ્વતંત્રતા બાદ **દાંતા**ના રાજવી **શ્રી પૃથ્વીરાજસિંહજી**એ અંબાજી માતાના મંદિરનો કબજો **પાલનપુરના પ્રાંત ઓફિસર**ને સોંપ્યો હતો.

(3) ત્યારબાદ રાજ્ય સરકાર દ્વારા અંબાજી મંદિરના વહીવટ માટે **'શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ'**ની સ્થાપના કરવામાં આવી હતી. હાલ આ ટ્રસ્ટ દ્વારા જ અંબાજી મંદિરનો વહીવટ કરવામાં આવે છે.

(4) અંબાજીનો વિસ્તાર **સરસ્વતી નદીનું** ઉદ્‌ગમ સ્થાન મનાય છે. અહીં અગાઉ **અંબિકાવન** હતું તેવો પુરાણોમાં ઉલ્લેખ છે.

(5) અંબાજીથી બે કિલોમીટર દૂર **ગબ્બરના પહાડ**માં આવેલી ગુફામાં **અંબામાતાનું આદિમસ્થાન** આવેલું હોવાનું મનાય છે.

(6) અંબાજીના મંદિરની સામેની બાજુએ **ચાચરનો ચોક** આવેલો છે. આથી, અંબામાતાને **'ચાચરના ચોકવાળી'** પણ કહેવામાં આવે છે.

## ➢ અમદાવાદ રેલવે સ્ટેશન બેગેજ સેનેટાઈઝેશન અને રેપિંગ મશીન મૂકનારું ભારતનું પ્રથમ રેલવે સ્ટેશન બન્યું

ગુજરાતમાં **અમદાવાદ**ના **કાલુપુર રેલવે સ્ટેશન** ખાતે COVID-19નો સામનો કરવા માટે **બેગેજ સેનેટાઈઝેશન** અને **રેપિંગ મશીન**ની સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- આ સાથે જ અમદાવાદ અથવા તો **અમદાવાદનું કાલુપુર રેલવે સ્ટેશન** બેગેજ સેનેટાઈઝેશન અને રેપિંગ મશીન મૂકનારું **ભારતનું પ્રથમ રેલવે સ્ટેશન** બની ગયું છે.
- આ પ્રકારની સુવિધા ફક્ત એરપોર્ટ પર જ હોય છે.
- ત્યારે ભારતમાં પ્રથમ વખત આવી વ્યવસ્થા રેલવે સ્ટેશન પર શરૂ કરવામાં આવી છે.
- આ સુવિધાથી મુસાફરો પોતાની બેગ તથા લગેજને અલ્ટ્રા વાયોલેટ કિરણોથી સેનેટાઈઝ કરી શકશે.
- આ ઉપરાંત રેપિંગ મશીન દ્વારા તેના પર પ્લાસ્ટિક અથવા તો પોલિથિનનું રેપર લગાવીને તેનું પેકિંગ પણ કરાવી શકાશે.
- જોકે, આ સુવિધા માટે મુસાફરોએ ચાર્જ ચૂકવવો પડશે.

**નોંધ :** લગેજના **સેનેટાઈઝેશન** માટે વજન પ્રમાણે **10 થી 20 રૂપિયા** તેમજ રેપિંગ માટે વજન પ્રમાણે **60થી 80 રૂપિયા** સુધીનો ચાર્જ વસુલવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ગુજરાતની દરિયાઈ સીમાઓની સુરક્ષા માટે ગુજરાત સરકાર દ્વારા 'ગુજરાત મત્સ્યોદ્યોગ વટહુકમ 2020' લાગુ



જુલાઈ 2020 દરમિયાન ગુજરાતમાં ગુજરાત સરકાર દ્વારા **'ગુજરાત મત્સ્યોદ્યોગ વટહુકમ 2020'** લાગુ કરવામાં આવ્યો છે.

- ગુજરાતની દરિયાઈ સીમાઓ વધુ મજબૂત થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા આ વટહુકમ લાગુ કરવામાં આવ્યો છે.

### વટહુકમ અંતર્ગત કયા એકટમાં સુધારો કરવામાં આવ્યો છે ?

ગુજરાતમાં **'ગુજરાત મત્સ્યોદ્યોગ એક્ટ-2003'**માં સુધારો કરવા માટે આ વટહુકમ લાગુ કરવામાં આવ્યો છે.

- એટલે કે આ વટહુકમ દ્વારા **'ગુજરાત મત્સ્યોદ્યોગ એક્ટ 2003'**માં સંશોધન કરવામાં આવ્યું છે.

### આ વટહુકમની મહત્ત્વની જોગવાઈ

ગુજરાત સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલા ગુજરાત 'મસ્ત્યોદ્યોગ વટહુકમ 2020' અંતર્ગત કરવામાં આવેલી મહત્ત્વની જોગવાઈઓ આ પ્રમાણે છે :

### (1) ગુજરાત બહારની બોટો દ્વારા ગુજરાતમાં થતી માછીમારી અટકાવવી

ગુજરાત બહારની ફિશિંગ બોટો દ્વારા ગુજરાતના દરિયાઈ વિસ્તારમાં થતી માછીમારી અટકાવવા માટે ગુજરાત સરકાર દ્વારા આ વટહુકમમાં દંડની જોગવાઈ કરવામાં આવી છે.

- આ અંતર્ગત ગુજરાત બહારની કોઈ બોટો ગુજરાતના દરિયાઈ વિસ્તારમાં માછીમારી કરતી પકડાશે તો તેની પાસેથી **રૂ. 1 લાખનો દંડ** વસૂલવામાં આવશે.
- આ ઉપરાંત બોટમાં મળેલ મત્સ્ય પેદાશોની હરાજી કરીને જે રકમ મળે તેની **પાંચ ગણી રકમ** વસૂલવામાં આવશે.
- ગુજરાતમાં સ્થાનિક સત્તાક્ષેત્રના **સબડિવિઝનલ મેજિસ્ટ્રેટ** દ્વારા આ શિક્ષાત્મક સજા થશે.

**નોંધ :** (1) આ અગાઉ આ કાયદામાં આ માટે દંડની કોઈ જ જોગવાઈ ન હતી.

(2) જોકે, આ વટહુકમમાં કરવામાં આવેલા આ સુધારાથી બીજા રાજ્યોના માછીમારોથી ગુજરાતના માછીમારોને થતું નુકશાન અટકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (2) ભારતીય ફિશિંગ બોટોનું અપહરણ અટકાવવું

સમુદ્રમાં માછીમારી દરમિયાન **લાલપરી** નામની વિશિષ્ટ માછલીને પકડવા માટે ગુજરાત તથા અન્ય રાજ્યોના માછીમારો પાકિસ્તાનની દરિયાઈ સીમામાં કે તેની નજીકના વિસ્તારમાં પ્રવેશી જતાં હોય છે.

- આથી, પાકિસ્તાન સિક્યુરિટી દ્વારા તેનું અપહરણ કરવામાં આવે છે.
- આથી, આ પ્રકારની ઘટનાઓ અટકાવવા માટે અને બોટ માલિકો આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમાથી દૂર રહે તે માટે આ વટહુકમમાં જોગવાઈ કરવામાં આવી છે.
- આ અંતર્ગત આ વટહુકમમાં **મરિન પોલીસના PSI કે તેથી ઉપરના અધિકારી**ને વિશેષ સત્તા આપવામાં આવી છે.
- આથી, હવે ગુજરાતમાં **મરિન પોલીસના PSI કે તેથી ઉપરના અધિકારી**ને ગુજરાતના જળ વિસ્તારમાં માછીમારી કરતી કોઈપણ પ્રકારની ફિશિંગ બોટ, વેશલ્સ, ક્રાફ્ટ, ડિપસી બોટ અથવા અન્ય કોઈ યાંત્રિક રચના કે માછીમારની **તપાસ અને જપ્તીની (Search and Seizureની)** સત્તા આપવામાં આવી છે.

**નોંધ :** (1) પાકિસ્તાન દ્વારા અપહરણ કરાયેલા ગુજરાતના એવા માછીમારો કે જે હાલ પાકિસ્તાનની જેલમાં બંધ છે, તેમના પરિવારજનોને ગુજરાત સરકાર દ્વારા **દૈનિક 300 રૂપિયા**ની આર્થિક સહાય આપવામાં આવે છે. પાકિસ્તાનના સત્તાવાળાઓ દ્વારા માછીમારને જે તારીખે પકડવામાં આવે તે તારીખથી માછીમાર જે તારીખે પાકિસ્તાનની જેલમાંથી છૂટે તે તારીખ સુધી **દૈનિક રૂ. 300** લેખે આ સહાય આપવામાં આવે છે.

(2) જ્યારે પાકિસ્તાનની જેલમાં બંધક માછીમારોના મૃત્યુના કિસ્સામાં તેમના પરિવાજનોને ગુજરાત સરકાર દ્વારા **રૂ. 4 લાખ**ની સહાય આપવામાં આવે છે. વર્ષ **2017**માં **માંગરોળ**માં યોજાયેલા એક સમારોહમાં મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ આ જાહેરાત કરી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. ભારતમાં 'આવકવેરા દિવસ' અથવા તો 'ઈન્કમ ટેક્ષ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 22 જુલાઈ (B) 23 જુલાઈ
   (C) 24 જુલાઈ (D) 25 જુલાઈ **(C)**

2. 24 જુલાઈ, 1860ના રોજ ભારતમાં કોના દ્વારા આવકવેરાનો પ્રારંભ થયો હતો ?
   (A) સર જેમ્સ વિલિયમ્સ (B) સર હેનરી ફોર્ડ
   (C) સર જ્હોન વિલિયમ્સ (D) સર જેમ્સ વિલ્સન **(D)**

3. 23 જુલાઈ, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર ખાતેથી ગુજરાતના કયા તીર્થધામને ISO સર્ટિફિકેટ એનાયત કર્યું છે ?
   (A) સોમનાથ (B) દ્વારકા (C) અંબાજી (D) જૂનાગઢ **(C)**

4. ISO સર્ટિફિકેટ મેળવનાર ગુજરાતનું પ્રથમ યાત્રાધામ કયું છે ?
   (A) અંબાજી (B) દ્વારકા (C) જૂનાગઢ (D) સોમનાથ **(A)**

5. પ્રસિદ્ધ તીર્થધામ અંબાજી ISO સર્ટિફિકેટ ધરાવતું ગુજરાતનું પ્રથમ યાત્રાધામ બન્યું છે .... અંબાજીને કયું ISO સર્ટિફિકેટ એનાયત થયું છે ?
   (A) ISO 90000 : 2015 (B) ISO 90001 : 2015
   (C) ISO 90000 : 2016 (D) ISO 90001 : 2016 **(B)**

6. પ્રસિદ્ધ તીર્થધામ અંબાજી ISO સર્ટિફિકેટ ધરાવતું ગુજરાતનું પ્રથમ યાત્રાધામ બન્યું છે .... આ સર્ટિફિકેટની મુદત કેટલા વર્ષની છે ?
   (A) 1 વર્ષ (B) 2 વર્ષ (C) 3 વર્ષ (D) 5 વર્ષ **(C)**

7. પ્રસિદ્ધ તીર્થધામ અંબાજી ISO સર્ટિફિકેટ ધરાવતું ગુજરાતનું પ્રથમ યાત્રાધામ બન્યું છે .... ISO નું પૂરું નામ શું છે ?
   (A) International Standardization Organization
   (B) International Standard Organization
   (C) International Organization of Standardization
   (D) International Organization for Standardization **(D)**

8. ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે દર વર્ષે ક્યારે મેળો ભરાય છે ?
   (A) ભાદરવી બીજ (B) ભાદરવી પાંચમ
   (C) ભાદરવી પૂનમ (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. ગુજરાતનું પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી બનાસકાંઠા જિલ્લાના કયા તાલુકામાં આવેલું છે ?
(A) ડીસા (B) દાંતા (C) દાંતીવાડા (D) દીઓદર **(B)**

10. ગુજરાતનું પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિર કયા ગામમાં આવેલું છે ?
(A) આરાસુર (B) અમરપુરા (C) આભાપુરા (D) અમલોઈ **(A)**

11. 358 સુવર્ણ કળશ ધરાવતું ભારતનું એક માત્ર શક્તિપીઠ કયું છે ?
(A) નૈના દેવી મંદિર, ઉત્તરાખંડ (B) કામાક્ષી મંદિર, કાંચિપુરમ્
(C) અંબાજી મંદિર, ગુજરાત (D) મા અંબિકા શક્તિપીઠ, રાજસ્થાન **(C)**

12. પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં માતાજીની મૂર્તિની નહિ પરંતુ શેની પૂજા થાય છે ?
(A) તેમના ચરણ પાદુકાની (B) તેમના મુગટની
(C) તેમની ચૂંદડીની (D) વીસાયંત્રની **(D)**

13. પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં માતાજીની મૂર્તિની નહિ પરંતુ વિશોયંત્ર કે વીસાયંત્રની પૂજા થાય છે... આ યંત્રમાં કેટલા અક્ષર હોવાનું પ્રમાણ મળે છે ?
(A) 108 (B) 101 (C) 71 (D) 51 **(D)**

14. ભગવાન શ્રી કૃષ્ણના માથાના વાળ ઉતારવાની વિધિ અથવા તો બાબરી કે ચૌલ ક્રિયાની વિધિ કઈ જગ્યાએ થઈ હોવાનું માનવામાં આવે છે ?
(A) બહુચરાજી (B) પાવાગઢ
(C) ગબ્બર–અંબાજી (D) મથુરા **(C)**

15. લોકવાયકા અનુસાર ભગવાન શ્રી રામને વનવાસ દરમિયાન કયા ઋષિએ અંબામાતાના આશીર્વાદ લેવા દર્શનાર્થે મોકલ્યા હતા ?
(A) શ્રી વશિષ્ઠ (B) શ્રી વાલ્મિકી (C) શ્રી શૃંગી (D) શ્રી વ્યાસજી **(C)**

16. સ્વતંત્રતા બાદ દાંતાના કયા રાજવીએ યાત્રાધામ અંબાજી મંદિરનો કબજો પાલનપુરના પ્રાંત ઓફિસરને સોંપ્યો હતો ?
(A) શ્રી કૃષ્ણસિંહજી (B) શ્રી પૃથ્વીરાજસિંહજી
(C) શ્રી જયરાજસિંહજી (D) શ્રી શકિતસિંહજી **(B)**

17. મુસાફરોની સુવિધા માટે બેગેજ સેનેટાઈઝેશન અને રેપિંગ મશીન મૂકનારું ભારતનું પ્રથમ રેલવે સ્ટેશન કયું છે ?
(A) જયપુર (B) અમદાવાદ (C) સુરત (D) ભોપાલ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

18. ગુજરાત સરકાર દ્વારા કયા એક્ટમાં સંશોધન માટે તાજેતરમાં 'ગુજરાત મત્સ્યોદ્યોગ વટહુકમ 2020' લાગુ કરવામાં આવ્યો છે ?

(A) ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, 2001

(B) ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, 2003

(C) ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, 2005

(D) ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, 2007 **(B)**

19. 'ગુજરાત મત્સ્યોદ્યોગ વટહુકમ 2020' અંતર્ગત કરવામાં આવેલી જોગવાઈ અનુસાર ગુજરાત બહારની બોટો દ્વારા ગુજરાતમાં માછીમારી કરવા પર કયા દંડની જોગવાઈ કરવામાં આવી છે ?

1. રૂ. 1 લાખનો દંડ
2. 6 માસની કેદ
3. બોટમાં મળેલ મત્સ્ય પેદાશોની હરાજીની રકમની પાંચ ગણી રકમ વસૂલવામાં આવશે.
4. 1 વર્ષની કેદ

Ans. (A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 3 (D) 1, 2 **(C)**

20. પાકિસ્તાન સિક્યોરીટી દ્વારા ભારતીય બોટોનું અપહરણ અટકાવવા 'ગુજરાત મત્સ્યોદ્યોગ વટહુકમ 2020' અંતર્ગત ગુજરાત સરકારે કયા પોલીસ અધિકારીને તપાસ અને જપ્તીની વિશેષ સત્તા આપી છે ?

(A) મરિન પોલીસના હેડકોન્સ્ટેબલ કે તેથી ઉપરના અધિકારી

(B) મરિન પોલીસના ASI કે તેથી ઉપરના અધિકારી

(C) મરિન પોલીસના PSI કે તેથી ઉપરના અધિકારી

(D) મરિન પોલીસના PI કે તેથી ઉપરના અધિકારી **(C)**

21. પાકિસ્તાનની જેલમાં બંધક ગુજરાતના માછીમારોના પરિવારને ગુજરાત સરકાર દ્વારા દૈનિક કેટલા રૂપિયાની સહાય આપવામાં આવે છે ?

(A) 200 (B) 300 (C) 400 (D) 500 **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

25 JULY, 2020 SATURDAY

## ➤ COVID-19 મહામારીને કારણે IPL 2020 હવે UAEમાં યોજાશે

ભારતમાં 29 માર્ચથી 15 એપ્રિલ 2020 દરમિયાન યોજાનાર IPL ટુર્નામેન્ટ COVID-19 મહામારીને કારણે સ્થગિત કરવામાં આવી હતી.

- જોકે, BCCI દ્વારા આ ટુર્નામેન્ટ હવે UAE અથવા United Arab Emirates અથવા તો સંયુક્ત આરબ અમિરાતમાં યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.
- આ અંતર્ગત UAEમાં 19 સપ્ટેમ્બરથી 10 નવેમ્બર 2020 દરમિયાન IPL-13 અથવા તો IPLની 13મી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

### IPLનું ભારત બહાર આયોજન

IPLનું ભારત બહાર સૌપ્રથમ વખત આયોજન વર્ષ 2009માં સાઉથ આફ્રિકામાં થયું હતું.

- આ અંતર્ગત સાઉથ આફ્રિકામાં વર્ષ 2009માં IPL-2 અથવા તો બીજી IPLનું આયોજન થયું હતું.
- ત્યારબાદ વર્ષ 2014માં ભારત અને UAEમાં IPL-7નું આયોજન થયું હતું.
- અને હવે વર્ષ 2020માં UAEમાં IPL-13નું આયોજન કરવામાં આવી રહ્યું છે.
- આમ, ભારતની બહાર IPLની કોઈ મેચ કે ટુર્નામેન્ટનું આયોજન થયું હોય એવી આ ત્રીજી ઘટના હશે.

નોંધ : (1) વર્ષ 2014માં IPL-7ની પ્રથમ 20 મેચો UAEમાં યોજાઈ હતી.
(2) અને હવે UAEમાં IPL અથવા તો IPLની મેચોનું બીજી વખત આયોજન થઈ રહ્યું છે.

### IPL

IPLનું પૂરું નામ 'ઈન્ડિયન પ્રીમિયર લીગ' છે. IPLએ ભારતની પ્રોફેશનલ T-20 ક્રિકેટ લીગ છે.

- ભારતમાં BCCI દ્વારા IPLની સ્થાપના કરવામાં આવી હતી.
- IPLની સ્થાપનામાં શ્રી લલિત મોદીની મહત્ત્વની ભૂમિકા હતી.
- શ્રી લલિત મોદીના વિચારથી જ ભારતમાં IPLની સ્થાપના કરવામાં આવી હતી. તેઓ IPLના પ્રથમ ચેરમેન અને કમિશનર હતા.

- IPLની પ્રથમ ટુર્નામેન્ટ વર્ષ 2008માં યોજાઈ હતી. વર્ષ 2008થી દર વર્ષે એપ્રિલ–મે દરમિયાન ભારતમાં આ ટુર્નામેન્ટ યોજાય છે.
- વર્ષ 2008માં યોજાયેલી IPLની પ્રથમ ટુર્નામેન્ટમાં વિજેતા ટીમનું નામ રાજસ્થાન રોયલ્સ છે.
- અત્યાર સુધીમાં સૌથી વધુ ચાર વખત આ ટુર્નામેન્ટ વિજેતા ટીમનું નામ મુંબઈ ઈન્ડિયન્સ છે.
- મુંબઈ ઈન્ડિયન્સે વર્ષ 2019, 2017, 2015 અને 2013માં આ ટુર્નામેન્ટ જીતી હતી.
- IPLનું સંચાલન BCCI દ્વારા કરવામાં આવે છે.
- BCCIનું પૂરું નામ 'બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા' છે.

**સૌથી વધુ વખત IPL વિજેતા ટીમ**

| ક્રમ | ટીમનું નામ | કેટલી વખત વિજેતા |
|---|---|---|
| 1 | મુંબઈ ઈન્ડિયન્સ | 4 |
| 2 | ચેન્નાઈ સુપર કિંગ્સ | 3 |
| 3 | કોલકાતા નાઈટ રાઈડર્સ | 2 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**IPL ટુર્નામેન્ટ વિજેતા ટીમ**

| ક્રમ | વર્ષ | વિજેતા | રનર્સ અપ |
|---|---|---|---|
| પ્રથમ | 2008 | રાજસ્થાન રોયલ્સ | ચેન્નાઈ સુપર કિંગ્સ |
| દસમી | 2017 | મુંબઈ ઈન્ડિયન્સ | રાઈઝિંગ પૂણે સુપરજાયન્ટ |
| અગિયારમી | 2018 | ચેન્નાઈ સુપર કિંગ્સ | સનરાઈઝર્સ હૈદરાબાદ |
| બારમી | 2019 | મુંબઈ ઈન્ડિયન્સ | ચેન્નાઈ સુપર કિંગ્સ |

**નોંધ :** (1) સ્ટાર સ્પોર્ટ્સે વર્ષ 2018 થી 2022 સુધી પાંચ વર્ષ માટે રૂા. 16,347.5 કરોડમાં IPLના મીડિયા રાઈટ્સ ખરીદ્યા છે.

(2) જ્યારે વર્ષ 2016 થી 2022 સુધી IPLના ટાઈટલની સ્પોન્સર કંપની Vivo હતી. જોકે, ViVo ચીનની કંપની હોવાથી તાજેતરમાં થયેલા તેના વિરોધને કારણે વર્ષ 2020થી ViVoને IPLના સ્પોન્સર તરીકેથી હટાવી દેવામાં આવી છે.

(3) IPLના વર્તમાન ચેરમેન (25 જુલાઈ, 2020ની સ્થિતિએ) શ્રી બ્રિજેશ પટેલ છે.

## ➤ ગુજરાતનું રાજકોટ ભારતનું પ્રથમ ગ્રીન રેટેડ પ્લેટિનિયમ લેવલનું સ્માર્ટ સિટી બન્યું

IGBC એટલે કે Indian Green Building Council દ્વારા તાજેતરમાં ગુજરાતના રાજકોટને 'ગ્રીન રેટેડ પ્લેટિનિયમ લેવલ સ્માર્ટ સિટી' જાહેર કરવામાં આવ્યું છે.

- આ સાથે જ રાજકોટ ગ્રીન રેટેડ પ્લેટિનિયમ લેવલનું ભારતનું પ્રથમ સ્માર્ટ સિટી બની ગયું છે.
- રાજકોટ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ માટે તૈયાર કરાયેલા પ્લાનિંગના ફાઈનલ સર્ટિફિકેશન રિવ્યુ બાદ રાજકોટ શહેરને ટોટલ 81માંથી 81 પોઈન્ટ મળ્યા હતા.
- આથી, IGBC દ્વારા સમગ્ર ભારતમાં સૌપ્રથમ વખત રાજકોટ શહેરને 'ગ્રીન રેટેડે પ્લેટિનિયમ લેવલ સ્માર્ટ સિટી' જાહેર કરવામાં આવ્યું છે.

**નોંધ :** (1) રાજકોટના મ્યુનિસિપલ કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે આ માહિતી આપી હતી.

(2) IGBC એ વર્ષ 2001માં સ્થપાયેલા Confederation of Indian Industry (CII)નો એક ભાગ છે.

(3) IGBC દ્વારા પર્યાવરણ સહિતના માપદંડોને આધારે ગ્રીન બિલ્ડિંગ્સ, ગ્રીન હોમ્સ, ગ્રીન સ્કૂલ્સ, ગ્રીન કેમ્પસ, ગ્રીન સિટીઝ, ગ્રીન વિલેજીસ વગેરે જેવા વિવિધ રેટિંગ આપવામાં આવે છે.



## ➤ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મણિપુરના Water Supply Projectનો શિલાન્યાસ

જુલાઈ 2020 દરમિયાન ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ ભારતના પૂર્વોત્તર રાજ્ય **મણિપુર**ના **'પાણી પુરવઠા પ્રોજેક્ટ' (Water Supply Project)**નો વીડિયો કોન્ફરન્સ દ્વારા શિલાન્યાસ કર્યો છે.

- આ પ્રોજેક્ટ દ્વારા મણિપુરના આશરે **25 શહેરો અને 1700 ગામો**ને સ્વચ્છ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- 'મણિપુર પાણી પુરવઠા યોજના' એ વર્ષ **2024** સુધીમાં **'હર ઘર જળ'**ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટેનો એક મહત્ત્વનો પ્રયાસ છે.

**નોંધ :** 'મણિપુર પાણી પુરવઠા યોજના' અંતર્ગત માત્ર મણિપુરની વર્તમાન જરૂરિયાતને જ નહિ, પરંતુ **આગામી 20-22 વર્ષ સુધીની** જરૂરિયાતને ધ્યાનમાં રાખવામાં આવી છે.

## ➤ NABL દ્વારા માન્યતા પ્રાપ્ત ભારતની પ્રથમ મધ ટેસ્ટિંગ લેબનો ગુજરાતના આણંદ ખાતે પ્રારંભ

24 જુલાઈ 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી **શ્રી નરેન્દ્ર સિંહ તોમરે** ગુજરાતના **આણંદ** ખાતે સ્થપાયેલી **મધ ટેસ્ટિંગ લેબ**નો શુભારંભ કરાવ્યો છે.

- કેન્દ્રીય મંત્રી શ્રી નરેન્દ્ર સિંહ તોમરે **નવી દિલ્હી** ખાતેથી **વીડિયો કોન્ફરન્સ**ના માધ્યમથી આ **'મધ પરીક્ષણ પ્રયોગશાળા (Honey Testing Lab)'**નું ઉદ્ઘાટન કર્યું હતું.

### આ લેબની વિશેષતા

ગુજરાતના **આણંદ** ખાતે સ્થપાયેલી આ લેબ ભારતમાં મધ પરીક્ષણ માટેની **અતિઆધુનિક અને વિશ્વસ્તરની લેબ** છે.

- **FSSAIના લેટેસ્ટ રેગ્યુલેશન પ્રમાણે મધનું ટેસ્ટિંગ કરતી તથા NABL દ્વારા માન્યતા પ્રાપ્ત આ ભારતની પ્રથમ Honey Testing Lab** છે.
- આ લેબ મધ પરીક્ષણ માટેની તમામ સુવિધાઓ તથા તમામ ટેસ્ટિંગ મેથડથી સજ્જ છે. આ ઉપરાંત તેમાં મધ ટેસ્ટિંગના આંતરરાષ્ટ્રીય ધોરણોનું પણ પાલન કરવામાં આવશે.
- આથી, હવે આ લેબની સ્થાપનાથી ભારતમાં જ મધનું આંતરરાષ્ટ્રીય કક્ષાના માપદંડ અનુસારનું સ્ટાન્ડર્ડ પરીક્ષણ થઈ શકશે.
- જેથી, હવે મધની નિકાસ માટે જરૂરી, મધના સ્ટાન્ડર્ડ ટેસ્ટિંગ માટે તેને **જર્મની** મોકલવાની જરૂર પડશે નહિ.
- અને તેને પરિણામે ભારતમાંથી **અમેરિકા અને યુરોપ**માં મધની નિકાસને વેગ મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE

**નોંધ :** (1) ભારતમાં મધમાં મોટા પ્રમાણમાં ભેળસેળ થાય છે. અને તેના પરીક્ષણ માટે ભારતમાં અનેક લેબ છે. પરંતુ, જેના ટેસ્ટિંગ પર આંતરરાષ્ટ્રીય સ્તરે ભરોસો આપી શકાય તેવી વિશ્વસ્તરની લેબ તરીકે આણંદ ખાતે આ લેબની સ્થાપના કરવામાં આવી છે.

(2) FSSAIનું પૂરું નામ Food Safety and Standards Authority of India છે.

(3) FSSAI દ્વારા હવે મધ, બીઝવેક્સ (Beeswax) અને રોયલ જેલી (Royal Jelly)ના નવા માપદંડો સૂચિત કરવામાં આવ્યા છે.

(4) NABLનું પૂરું નામ National Accreditation Board for Testing and Calibration Laboratories છે.

## કોના દ્વારા આ લેબની સ્થાપના કરવામાં આવી છે ?

ગુજરાતના આણંદ ખાતે NDDB એટલે કે National Dairy Development Board દ્વારા આ ટેસ્ટિંગ લેબની સ્થાપના કરવામાં આવી છે.

- NDDB દ્વારા 'રાષ્ટ્રીય મધમાખી બોર્ડ' (National Bee Board -NBB)ના સહયોગથી આ ટેસ્ટિંગ લેબની સ્થાપના કરવામાં આવી છે.



**નોંધ :** (1) ભારતમાં 'સફેદ ક્રાંતિ'ના પ્રણેતા ડો. વર્ગીસ કુરીઅન દ્વારા 16 જુલાઈ 1965ના રોજ NDDB (નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ)ની સ્થાપના કરવામાં આવી હતી.

(2) NDDBનું વડું મથક ગુજરાતના આણંદ ખાતે આવેલું છે.

(3) ભારતમાં મધમાખી ઉછેરને પ્રોત્સાહન આપવા માટે 'મીઠી ક્રાંતિ' (Sweet Revolution)નું આહ્વાન કરવામાં આવ્યું છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ICE ? Questions

1. BCCI દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર IPL 2020 કયા દેશમાં યોજાશે ?
(A) ભારત (B) સાઉદી અરેબિયા
(C) શ્રીલંકા (D) સંયુક્ત આરબ અમિરાત **(D)**

2. 19 સપ્ટેમ્બરથી 10 નવેમ્બર, 2020 દરમિયાન UAEમાં કેટલામી IPL યોજાશે ?
(A) 11મી (B) 12મી (C) 13મી (D) 15મી **(C)**

3. ભારત બહાર અન્ય કોઈ બીજા દેશમાં IPLની ટુર્નામેન્ટનું સૌપ્રથમ વખત આયોજન ક્યારે થયું હતું ?
(A) 2009 (B) 2011 (C) 2012 (D) 2013 **(A)**

4. ભારત બહાર અન્ય કોઈ બીજા દેશમાં IPLની ટુર્નામેન્ટનું સૌપ્રથમ વખત આયોજન ક્યાં થયું હતું ?
(A) UAE (B) શ્રીલંકા (C) સાઉથ આફ્રિકા (D) ઓસ્ટ્રેલિયા **(C)**

5. વર્ષ 2020માં UAEમાં IPLની ટુર્નામેન્ટનું આયોજન થયું છે...આ અગાઉ UAEમાં IPLની મેચોનું આયોજન ક્યારે થયું હતું ?
(A) 2014 (B) 2015 (C) 2016 (D) 2017 **(A)**

6. તાજેતરમાં કઈ ચાઈનીઝ કંપનીને IPL 2020ના સ્પોન્સર તરીકેથી હટાવવામાં આવી છે ?
(A) ViVo (B) OnePlus (C) Gionee (D) Oppo **(A)**

7. ચાઈનીઝ કંપની ViVoને IPL 2020ના સ્પોન્સર તરીકેથી હટાવવામાં આવી છે... ViVo IPLમાં શેની સ્પોન્સર હતી ?
(A) ટાઈટલ (B) મીડિયા (C) ટીમ (D) ઉપરોક્ત ત્રણેય **(A)**

8. IPLનું પૂરું નામ શું છે ?
(A) ઈન્ડિયન પ્રાઈવેટ લીગ (B) ઈન્ડિયન પ્રો લીગ
(C) ઈન્ડિયન પ્રીમિયર લીગ (D) ઈન્ડિયન પ્રીમિયમ લીગ **(C)**

9. ભારતની પ્રોફેશનલ T-20 ક્રિકેટ લીગનું નામ શું છે ?
(A) ICL (B) ICC (C) IICC (D) IPL **(D)**

10. BCCI દ્વારા IPLની પ્રથમ ટુર્નામેન્ટનું આયોજન ક્યારે કરવામાં આવ્યું હતું ?
(A) 2005 (B) 2006 (C) 2007 (D) 2008 **(D)**

11. વર્ષ 2018થી 2022 સુધી પાંચ વર્ષ માટે IPLના મીડિયા રાઈટ્સ કોણે ખરીદ્યા છે ?
(A) Zee TV (B) NDTV
(C) Vivo (D) STAR Sports **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**12. IGBC દ્વારા જાહેર થયેલું ભારતનું ગ્રીન રેટેડ પ્લેટિનિયમ લેવલનું પ્રથમ સ્માર્ટ સિટી કયું છે ?**

(A) અમદાવાદ (B) ઈન્દોર (C) જયપુર (D) રાજકોટ **(D)**

**13. જુલાઈ 2020 દરમિયાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના કયા પૂર્વોત્તર રાજ્યના 'પાણી પુરવઠા પ્રોજેકટ' (Water Supply Project)નો શિલાન્યાસ કર્યો છે ?**

(A) મેઘાલય (B) મણિપુર (C) ત્રિપુરા (D) સિક્કિમ **(B)**

**14. ભારતના કયા રાજ્યમાં NABL દ્વારા માન્યતા પ્રાપ્ત ભારતની પ્રથમ મધ ટેસ્ટિંગ લેબનો શુભારંભ થયો છે ?**

(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) કેરળ (D) આસામ **(A)**

**15. ભારતના કયા શહેરમાં NABL દ્વારા માન્યતા પ્રાપ્ત ભારતની પ્રથમ મધ ટેસ્ટિંગ લેબનો શુભારંભ થયો છે ?**

(A) નવસારી (B) વડોદરા (C) સાણંદ (D) આણંદ **(D)**

**16. ગુજરાતના આણંદ ખાતે કોના દ્વારા NABL દ્વારા માન્યતા પ્રાપ્ત ભારતની પ્રથમ મધ ટેસ્ટિંગ લેબનો શુભારંભ થયો છે ?**

(A) FSSAI (B) NABARD (C) NDDB (D) NBB **(C)**

**17. ગુજરાતના આણંદ ખાતે NDDB દ્વારા કોના સહયોગથી NABL દ્વારા માન્યતા પ્રાપ્ત ભારતની પ્રથમ મધ ટેસ્ટિંગ લેબનો શુભારંભ થયો છે ?**

(A) FSSAI (B) NABARD (C) NBB (D) NABL **(C)**

**18. 24 જુલાઈ 2020ના રોજ ગુજરાતના આણંદ ખાતે કોના દ્વારા NABL દ્વારા માન્યતા પ્રાપ્ત ભારતની પ્રથમ મધ ટેસ્ટિંગ લેબનો શુભારંભ થયો છે ?**

(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી વિજયભાઈ રૂપાણી
(C) ડો. હર્ષવર્ધન (D) શ્રી નરેન્દ્રસિંહ તોમર **(D)**

**19. FSSAI અથવા તો ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં શેના નવા માપદંડો સૂચિત કરવામાં આવ્યા છે ?**

(A) મધ (B) Beeswax (C) Royal Jelly (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
CURRENT AFFAIRS

## ભારત

### ➤ BCCIના કાર્યકારી CEO તરીકે શ્રી હેમંગ અમિનની નિમણૂક

BCCI એટલે કે Board of Control for Cricket in India દ્વારા BCCIના નવા કાર્યકારી CEO (Chief Excecutive Officer) તરીકે શ્રી હેમંગ અમિનની નિમણૂક કરવામાં આવી છે. શ્રી હેમંગ અમિન IPLના ચીફ ઓપરેટિંગ ઓફિસર (COO) છે. અને BCCIના વચગાળાના CEO તરીકે તેઓ શ્રી રાહુલ જોહરીનું સ્થાન લેશે. શ્રી રાહુલ જોહરીએ BCCIના CEO પદેથી 27 ડિસેમ્બર 2019ના રોજ રાજીનામું આપી દીધું હતું. જોકે, BCCIએ છેક 8 જુલાઈ 2020ના રોજ તેમના રાજીનામાનો સ્વીકાર કર્યો હતો.

### ➤ મહારાષ્ટ્રના પ્રથમ મહિલા ચૂંટણી કમિશનર સુશ્રી નીલા સત્યનારાયણનું નિધન

મહારાષ્ટ્રના પ્રથમ મહિલા ચૂંટણી કમિશનર બનીને ઈતિહાસ સર્જનાર સુશ્રી નીલા સત્યનારાયણનું 16 જુલાઈ 2020ના રોજ મુંબઈ ખાતે નિધન થયું છે. 5 ફેબ્રુઆરી 1948ના રોજ મહારાષ્ટ્રના મુંબઈ ખાતે તેમનો જન્મ થયો હતો. સુશ્રી નીલા સત્યનારાયણ IAS અધિકારી હોવા ઉપરાંત પ્રસિદ્ધ કવયિત્રી, લેખક, ગાયિકા, સંગીતકાર અને સંગીત દિગ્દર્શક પણ હતા. તેમણે અનેક પુસ્તકોની રચના કરી છે. આ ઉપરાંત અનેક મરાઠી ફિલ્મો તથા હિન્દી ફિલ્મો માટે ગીતો લખ્યા છે.

### ➤ વિકાસ દુબે એન્કાઉન્ટરની તપાસ માટે જસ્ટિસ બી. એસ. ચૌહાણની અધ્યક્ષતામાં જ્યુડિશિયલ પંચની રચના

વિકાસ દુબે એન્કાઉન્ટર કેસની તપાસ માટે સુપ્રીમ કોર્ટે ત્રણ સભ્યોવાળા એક જ્યુડિશિયલ કમિશનની રચના કરી છે. સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ જસ્ટિસ બી. એસ.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ચૌહાણ** આ કમિશનના **અધ્યક્ષ** રહેશે. આ કમિશન 2 મહિનામાં પોતાનો રિપોર્ટ રજૂ કરશે.

## ➤ રેશન કાર્ડ ધારકોને ઘેર બેઠા રાશન મળી રહે તે માટે દિલ્હીમાં શરૂ થશે 'ઘર-ઘર રાશન યોજના'

દિલ્હીની શ્રી અરવિંદ કેજરીવાલ સરકારે **દિલ્હી**માં **'ઘર-ઘર રાશન યોજના'**ને મંજૂરી આપી દીધી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ રેશન કાર્ડ ધારકોને ઘર બેઠા રાશન ઉપલબ્ધ કરાવવાનો છે. આથી આ યોજના લાગુ થયા બાદ નવી દિલ્હીમાં રેશન કાર્ડ ધારકોએ રાશન લેવા માટે રેશનની દુકાને જવાની જરૂર રહેશે નહિ. પરંતુ તેમના ઘરે જ રાશન પહોંચાડવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ભારતના પુડુચેરીમાં કોરોનાથી મૃત્યુના કિસ્સામાં રૂ. 1 લાખની સહાયની જાહેરાત

ભારતના કેન્દ્રશાસિત પ્રદેશ **પુડુચેરી**માં COVID-19થી જો કોઈ વ્યકિતનું નિધન થશે તો તેના પરિવારજનોને **રૂ. 1 લાખ**ની સહાય આપવામાં આવશે. પુડુચેરીના મુખ્યમંત્રી **શ્રી વી. નારાયણસામી**એ પુડુચેરી વિધાનસભામાં આ જાહેરાત કરી હતી.

# વિશ્વ

## ➤ COVID-19 માટેની ઓકસફોર્ડ યુનિવર્સિટીની વેકિસનની પ્રથમ હ્યુમન ટ્રાયલ સફળ

**બ્રિટન**ની **ઓકસફોર્ડ યુનિવર્સિટી** દ્વારા **COVID-19**ના સામના માટે **ChAdOx1nCoV-19** નામની રસી વિકસાવવામાં આવી છે. આ રસીનું **માનવો પરનું પ્રથમ પરીક્ષણ** સફળ રહયું છે. જેમાં આ રસી આપવાને કારણે કોરોનાના દર્દીઓમાં ઈમ્યુનિટીનું પ્રમાણ વધેલું જોવા મળ્યું છે.

ICE Questions

- BCCIના કાર્યકારી CEO તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?– શ્રી હેમંગ અમિન
- BCCIનું પૂરું નામ શું છે ?
  – Board of Control for Cricket in India
- તાજેતરમાં સુશ્રી નીલા સત્યનારાયણનું નિધન થયું છે....તેઓ ભારતના કયા રાજ્યના પ્રથમ મહિલા ચૂંટણી કમિશનર હતા ? – મહારાષ્ટ્ર
- વિકાસ દુબે એન્કાઉન્ટર કેસની તપાસ માટે ભારતની સુપ્રીમ કોર્ટે કેટલા સભ્યોવાળા એક જ્યુડિશિયલ કમિશનની રચના કરી છે ? – ત્રણ
- વિકાસ દુબે એન્કાઉન્ટર કેસની તપાસ માટે ભારતની સુપ્રીમ કોર્ટે કોની અધ્યક્ષતામાં એક જ્યુડિશિયલ કમિશનની રચના કરી છે ? – જસ્ટિસ બી. એસ. ચૌહાણ
- રેશન કાર્ડ ધારકોને ઘેર બેઠા જ રાશન મળી રહે તે માટે ભારતના કયા રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિત પ્રદેશમાં 'ઘર ઘર રાશન યોજના' શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ?
  – દિલ્હી
- ભારતના કયા રાજ્ય અથવા તો કેન્દ્રશાસિત પ્રદેશમાં કોરોનાથી મૃત્યુના કિસ્સામાં રૂ. 1 લાખની સહાયની જાહેરાત કરવામાં આવી છે ? – પુડુચેરી
- પુડુચેરીમાં COVID-19થી મૃત્યુના કિસ્સામાં મૃતકના પરિવાજનો માટે કેટલા રૂપિયાની સહાયની જાહેરાત કરવામાં આવી છે ? – રૂ. 1 લાખ
- બ્રિટનની કઈ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલી COVID-19 માટેની વેકસીનની પ્રથમ હ્યુમન ટ્રાયલ સફળ રહી હોવાનું કહેવાય છે ? – ઓકસફોર્ડ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. રાજસ્થાનના વર્તમાન (20 જુલાઈ, 2020ની સ્થિતિએ) રાજ્યપાલ કોણ છે ? – શ્રી કલરાજ મિશ્રા

(રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી અશોક ગેહલોત સામે શ્રી સચિન પાયલોટના બળવાને કારણે શ્રી કલરાજ મિશ્રા હાલ ચર્ચામાં છે.)

2. ભારતમાં કેન્દ્ર સરકારના માર્ગ અને પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરીએ ભારતના કયા રાજ્યમાં નેશનલ તથા સ્ટેટ હાઈવેને લગતી રૂ. 20,000 કરોડની વિવિધ યોજનાઓનો શિલાન્યાસ કર્યો છે ? – હરિયાણા

(હરિયાણામાં રોડ નેટવર્કના નિર્માણથી આર્થિક કોરિડોર બનાવવાનું સરકારનું આયોજન છે.)

3. જુલાઈ 2020 દરમિયાન ભારત અને કયા દેશ વચ્ચે સાયબર સુરક્ષા વધારવા માટે કરાર થયા છે ? – ઈઝરાયેલ

(આ સાયબર સુરક્ષા કરારથી ભારત અને ઈઝરાયેલ વચ્ચેના સંબંધો વધુ મજબૂત થશે. તેમજ વૈશ્વિક સાયબર પડકારોને પહોંચી વળવામાં આ કરારથી ભારતને મદદ થશે.)

4. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કયા દેશના તાલિબાની નેતા નૂર મહસૂદને 'વૈશ્વિક આતંકી' જાહેર કરવામાં આવ્યો છે ? – પાકિસ્તાન

5. જુલાઈ 2020 દરમિયાન કયા દેશના વડાપ્રધાન શ્રી એલિસ ફાખફાખે તેમના દેશના રાષ્ટ્રપતિને પોતાનું રાજીનામું આપી દીધું છે ? – ટ્યૂનિશિયા

(હિતોના ટકરાવના મુદ્દે ટ્યુનિશિયાના વડાપ્રધાન શ્રી એલિસ ફાખફાખે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે.)

6. ભારતના કયા રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિત પ્રદેશમાં સુગંધી તમાકુ તથા તેના ઉત્પાદનો પર 1 વર્ષ માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે ? – દિલ્હી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(દિલ્હીમાં કોરોના મહામારીને કારણે દિલ્હી સરકારે આ આદેશ આપ્યો છે. દિલ્હીમાં ગુટખા પર તો આ અગાઉથી જ પ્રતિબંધ હતો. હવે ત્યાં પાન કે મસાલામાં પણ તમાકુનો ઉપયોગ કરી શકાશે નહિ.)

7. 700 મેગાવોટની 'આઝાદ પટ્ટન જળ વિદ્યુત યોજના' અંગે કયા બે દેશો વચ્ચે સમજૂતી થઈ છે ? – પાકિસ્તાન અને ચીન

(2.4 અબજ ડોલરના ખર્ચે ઝેલમ નદી પર નિર્માણ પામનાર આ હાઈડ્રો પાવર પ્રોજેક્ટ ભારતના અભિન્ન અંગ એવા 'પાકિસ્તાન અધિકૃત કાશ્મીર' - POKમાં આવેલો છે.)

8. ગુજરાત ભાજપના અધ્યક્ષ પદે શ્રી જીતુ વાઘાણીના સ્થાને ભાજપના શ્રી સી. આર. પાટિલની નિમણૂક કરવામાં આવી છે...શ્રી સી. આર. પાટિલ ગુજરાતની કઈ લોકસભા સીટ પરથી સાંસદ (સંસદ સભ્ય) છે ? – નવસારી

9. ભારતના દક્ષિણ–પશ્ચિમ દરિયાકાંઠાના આજુબાજુના અરબી સમુદ્રમાં વ્યાપારી જહાજો તથા ફિશિંગ જહાજો માટેના માર્ગો અલગ કરીને નવી અલગ રૂટિંગ સિસ્ટમનો કયારથી પ્રારંભ કરવામાં આવ્યો છે ? – 1 ઓગસ્ટ, 2020

(ભારતના દક્ષિણ–પશ્ચિમ દરિયાકાંઠાના આજુબાજુનો અરબી સમુદ્રનો વિસ્તાર ખૂબ જ વ્યસ્ત દરિયાઈ માર્ગ છે. આથી, અહીં જહાજો વચ્ચે અકસ્માત અટકાવવા ભારત સરકારના શિપિંગ મંત્રાલય દ્વારા વ્યાપારી જહાજો તથા ફિશિંગ જહાજો માટે બે અલગ અલગ રૂટ નક્કી કરવામાં આવ્યા છે.)

10. અમેરિકાના કયા શહેરમાં આવેલું ચીનનું વાણિજય દૂતાવાસ 3 દિવસમાં બંધ કરવા અમેરિકાએ ચીનને આદેશ આપ્યો છે ? – હ્યુસ્ટન

(અમેરિકાના હ્યુસ્ટન ખાતે આવેલા ચીનના આ દૂતાવાસમાં ગુપ્ત દસ્તાવેજો બાળી નાખવામાં આવ્યા હોવાની શંકાને કારણે અમેરિકાએ આ નિર્ણય કર્યો છે.)

11. ગ્લોબલ કલાયમેટના ધ્યેયને હાંસલ કરવાની કટિબદ્ધતા વ્યકત કરવા માટે SBTI (સાયન્સ બેઝ્ડ ટાર્ગેટ ઈનિશિયેટિવ) ઉપર હસ્તાક્ષર કરનાર ભારતનું એકમાત્ર અને વિશ્વનું સાતમું પોર્ટ કયું છે ? – અદાણી પોર્ટ

12. ભારતના કયા રાજ્યના બહુચર્ચિત રાજા માનસિંહ હત્યાકાંડ કેસમાં મથુરાની જિલ્લા કોર્ટે 11 પોલીસ કર્મીઓને આજીવન કેદની સજા ફટકારી છે ? – રાજસ્થાન

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(રાજસ્થાનમાં 21 ફેબ્રુઆરી, 1985ના રોજ એક ચૂંટણી સભાને સંબોધી રહેલા રાજસ્થાનના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી શિવચરણ માથુરે મંચ પરથી રાજા માનસિંહ વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી હોવાથી રાજા માનસિંહ ત્યાં આવી પહોંચ્યા હતા અને જીપ વડે ટક્કર મારીને મંચને તોડી નાખ્યો હતો. જોકે, રાજસ્થાનના મુખ્યમંત્રી ત્યાંથી હેલિકોપ્ટર દ્વારા સલામત રીતે નીકળી ગયા હતા....પરંતુ રાજા માનસિંહ અને તેમના બે ટેકેદારોને પોલીસે ઘેરીને અંધાધૂંધ ગોળીબાર કરીને મોતને ઘાટ ઉતાર્યા હતા.)

13. ગલવાન વેલીમાં ચીન સાથે થયેલા સંઘર્ષમાં શહીદ થયેલા કર્નલ સંતોષ બાબુના પત્નીને ભારતના કયા રાજ્યની સરકારે ડેપ્યુટી કલેકટર તરીકે નિયુકત કર્યા છે ? – તેલંગાણા
(આ ઉપરાંત તેલંગાણાની સરકારે તેમના પરિવારને રૂ. 5 કરોડની રકમ અને મકાન માટે જમીન પણ આપી છે.)

14. તાજેતરમાં અમેરિકાના કયા રાજ્યના જંગલોમાં ફાળી નીકળેલા દાવાનળમાં રેરેસ્ટ ઓફ ધ રેર 'ફાયરનાડો'નું વિકરાળ સ્વરૂપ જોવા મળ્યું હતું ? – કેલિફોર્નિયા
(ફાયરનાડો ભાગ્યે જ જોવા મળતું કુદરતનું વિકરાળ સ્વરૂપ છે. જેમાં આગનું અતિ ભયાવહ અને પ્રચંડ સ્વરૂપ જોવા મળે છે.)

15. ગુજરાતના આણંદ ખાતે આવેલી 'ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન' (GCMMF)ના નવા ચેરમેન તરીકે કોણ બિનહરિફ ચૂંટાઈ આવ્યું છે ?
– શ્રી શામળજીભાઈ પટેલ
(GCMMFના ચેરમેન પદે શ્રી શામળજીભાઈ પટેલ તેમજ વાઈસ ચેરમેન પદે શ્રી વાલમજીભાઈ હુમ્બલ ચૂંટાઈ આવ્યા છે.)

16. ICC દ્વારા કયા દેશમાં વર્ષ 2020માં યોજાનાર મેન્સ ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ COVID-19 મહામારીને કારણે મોકૂફ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – ઓસ્ટ્રેલિયા

17. ભારતના કયા રાજ્યમાં અનુસૂચિત જાતિઓના સર્વાંગી વિકાસ માટે 'નવીન રોજગાર છતરી યોજના' શરૂ કરવામાં આવી છે ? – ઉત્તરપ્રદેશ

18. ભારતમાં કેન્દ્ર સરકારના ઊર્જા મંત્રી શ્રી આર. કે. સિંહે ભારતના કયા શહેરમાં ભારતના પ્રથમ જાહેર ઈલેક્ટ્રિક વાહન ચાર્જિંગ પ્લાઝાનું ઉદઘાટન કર્યું છે ? – દિલ્હી
(તેમણે ભારતમાં નવી દિલ્હીની ચેમ્સફોર્ડ કલબમાં ભારતના પ્રથમ જાહેર ઈલેક્ટ્રિક વાહન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ચાર્જિંગ પ્લાઝાનું ઉદ્‌ઘાટન કર્યું છે.)

19. આસામના કયા રાષ્ટ્રીય ઉદ્યાનમાં તાજેતરમાં આવેલા પૂરને કારણે 108 વન્ય પ્રાણીઓના મોત થયા છે ? – કાઝીરંગા નેશનલ પાર્ક

20. યુરોપિયન યુનિયન દ્વારા કોરોના વાઈરસનો સામનો કરવા માટે કેટલા રૂપિયાનું ફંડ એકત્ર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – 750 અબજ યૂરો

21. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા ભારતના કયા રાજ્યમાં ઝોરમ અથવા જોરમ મેગા ફૂડ પાર્ક (Zoram Mega Food Park)નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે ? – મિઝોરમ

22. વિશ્વના કયા દેશમાં 'રાવણના ઉડ્ડયન માર્ગો' અંગે સંશોધન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – શ્રીલંકા

(રામાયણની કથા અનુસાર રાવણ પાસે 'પુષ્પક' નામનું એક વિમાન હતું. આથી, આજથી આશરે 5000 વર્ષ પહેલા રાવણ દ્વારા આ વિમાનથી કઈ રીતે ઉડ્ડયન કરવામાં આવતું હતું એ અંગે સંશોધન કરવામાં આવશે.)

23. ભારતના કયા રાજ્યમાં જરૂરિયાતમંદોને માસિક પેન્શન આપતી 'મધૂબાબુ પેન્શન યોજના'માં ટ્રાન્સજેન્ડર સમુદાયના સભ્યોનો પણ સમાવેશ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – ઓડિશા

24. ભૂટાન સાથે સીમા વિવાદના ઉકેલ માટે કયા દેશે ભૂટાન સામે એક સમાધાન યોજના રજૂ કરી છે ? – ચીન

25. ભારતના કયા રાજ્યમાં કચરામાંથી વીજળી ઉત્પન્ન કરવા માટે 'વેસ્ટ ટૂ એનર્જી' નામની એક નવી પહેલ શરૂ કરવામાં આવી છે ? – ઉત્તરાખંડ

26. અમેરિકાએ કયા દેશને અમેરિકાના હ્યુસ્ટનમાં આવેલું વાણિજ્ય દૂતાવાસ બંધ કરવાનો આદેશ આપ્યો છે ? – ચીન

27. ભારતના કયા પ્રસિદ્ધ અભિનેતાએ પ્રવાસી શ્રમિકોની મદદ માટે 'પ્રવાસી રોજગાર એપ' નામથી એક મોબાઈલ એપ લોન્ચ કરી છે ? – શ્રી સોનુ સૂદ

28. ભારતમાં 'રાષ્ટ્રીય પ્રસારણ દિવસ' (National Broadcasting Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 23 જુલાઈ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT